।। श्रीकृष्णाय नमः ।।
।। श्रीवल्लभाधीशो जयति ।। ।। जयति श्रीविठ्ठलेश्वरः ।।

।। પુષ્ટિસંસ્કાર ।।

વર્ષ - ૮, અંક - ૦૪, સળંગ અંક - ૮૮, જુલાઇ - ૨૦૧૭

एकः स्वयं सञ्जगतः सिसृक्षया
ऽद्वितीययाऽऽत्मन्नथियोगमायया ।
सृजस्यदः पासि पुनर्ग्रसिष्यसे
यथोर्णना भिर्भगवन् स्वशक्तिभिः ।।

श्रीमद्भागवत (०३/२१/१९)

હે ભગવન્ જેવી રીતે કરોળીયો પોતે જે જાળને ફેલાવે છે, તેનુ રક્ષણ કરે છે અને અંતે તેને ગળી જાય છે તેવી જ રીતે આપ એકલા જ જગતની રચના કરવા માટે પોતાનાથી અભિન્ન પોતાની યોગમાયાનો સ્વીકાર કરીને તેનાથી અભિવ્યક્ત થયેલી પોતાની સત્ત્વગુણ વગેરે શક્તિઓ વડે પોતે જ આ જગતના સર્જન પાલન અને સંહાર કરો છો.

પ્રકાશક
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન - મોટી હવેલી, જૂનાગઢ (ગુજરાત)
Web: www.pushtisanskar.org

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

‘પુષ્ટિસંસ્કાર’

પ્રેરક
ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

પથદર્શક
ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

પ્રકાશક
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન
મોટી હવેલી,પંચહાટડી ચોક,
જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોનઃ૦૨૮૫-૨૬૨૦૨૦૦
મુદ્રક
મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

વાર્ષિક લવાજમ
₹૧૫૦/- પ્રતિ અંક ₹ ૧૫/-
વિદેશ માટે ₹૨૦૦૦/-

પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

‘પુષ્ટિસંસ્કાર’ નો અંક દરેક મહિનાની ૧ તારીખે રવાના કરવામાં આવે છે. જે-તે મહિનાની ૧૫ તારીખ સુધીમાં અંક ન મળે તો નામ, ગ્રાહક નંબર સાથે **‘શ્રીપુષ્ટિસંસ્કાર કાર્યાલય’** પર જાણ કરવી.
ફોનઃ૦૨૮૫-૨૬૨૦૨૦૦

અનુક્રમણિકા

પુષ્ટિબોધ ૦૪
આપણા આચાર્યો ૦૬
શિક્ષાપત્ર ૦૮
શ્રીબેઠકચરિત્ર માહાત્મ્ય ૧૦
કીર્તન રસાસ્વાદ ૧૧
વલ્લભના વ્હાલા વલ્લભીય ૧૩
ભાવને આધીન ભગવાન ૧૫
પુષ્ટિ સિદ્ધાન્ત ૧૬
મારે કંઈક કહેવું છે. ૧૮
જાણો અને જીવો ૧૯
બાલવિભાગ ૨૦
પુષ્ટિજ્ઞાનવૃદ્ધિ ૨૨
શ્રીભાગવત મહાપુરાણ ૨૩
આપણા આવનારા ઉત્સવો ૨૪
ભક્તો માટે દુઃખ એ પ્રભુની કૃપા છે ૨૬
પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ૨૯
પુષ્ટિસંસ્કારધામ ૩૨
વ્રતોત્સવ ટિપ્પણી ૩૪

તંત્રી/સંપાદક : કમલ સેજપાલ, **શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન પ્રમુખ :** જયેન્દ્રભાઇ તન્ના

પુષ્ટિબોધ

ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી

પ્રભુની સૃષ્ટિમાં જીવની અહંતા મમતા રૂપ અન્યથા માન્યતા

આ સૃષ્ટિનું મૂલ ભગવાન્ છે એમ જણાવતા ઉપનિષદ્ કહે છે –

ઈશાવાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્ ।
તેન ત્યક્તેન ભુંજીથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્ ॥ (ઈશાવાસ્યોપનિષદ્ – ૧)

અર્થ : આ સમસ્ત સૃષ્ટિ ઇશ્વરથી જ વ્યાપેલી છે. આ પૃથ્વી પર જે કંઇ વસ્તુઓ પ્રાપ્ત થાય છે, તે તેમને નિવેદિત કરીને તેમના દ્વારા અપાયેલા પ્રસાદ રૂપે ગ્રહણ કર. અન્યના ધનની આકાંક્ષા ન કર.

ભગવાને પોતાની લીલા માટે આ સૃષ્ટિની રચના કરી છે અને તેથી આ સૃષ્ટિના કેન્દ્રમાં ભગવાન્ છે માનવ કે જીવ નહિ.

જીવ; આ સૃષ્ટિનો બનાવનાર નથી કે તેની માટે આ સૃષ્ટિની રચના પણ થઇ નથી.

છતાં પણ જીવ; આ સૃષ્ટિમાં તેના સમ્પર્કમાં જે કંઇ આવે છે તેમાં ‘આ મારૂ છે’ અને ‘મારા માટે છે’ એવી બુદ્ધિ કરી લે છે.

શ્રીમદ્ભાગવતમાં કહેવાયું છે –
ક્રીડાર્થમાત્મનઃ ઇદં ત્રિજગત્કૃતં તે ।
સ્વામ્યં તુ તત્ર કુધિયો પર ઈશ કુર્યુઃ ॥ (શ્રીમદ્ભાગવત ૮-૨૨-૨૦)

અર્થઃ હે પ્રભુ ! આપે પોતાની ક્રીડા માટે આ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. દુર્બુદ્ધિજનો તેમાં પોતાનું સ્વામિત્વ (માલિકી)માને છે.

અન્યથા માન્યતાને દૂર કરવાનો ઉપાય પ્રભુને સમર્પણ

સર્વત્ર હુંપણા અને મારાપણાના આ અન્યથા જ્ઞાનને દૂર કરવા માટેનો ઉપાય ભગવાન્ શ્રીકૃષ્ણ; અર્જુનને બતાવે છે –

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોસિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરૂષ્વ મદર્પણમ્ ॥ (શ્રીમદ્ભગવદ્ગીતા ૯-૨૭)

અર્થઃ હે અર્જુન ! તુ જે કર્મ કરે છે, જે ભોગ કરે છે, જે યજ્ઞ કરે છે, જે દાન કરે છે અને જે તપ કરે છે તે મને અર્પણ કર.

નિવેદન અને સમર્પણ

બ્રહ્મસમ્બન્ધદીક્ષા સમયે ‘મારૂ સર્વસ્વ આપનું છે’ તેવું પ્રભુને જણાવીએ છીએ તેને નિવેદન કહેવાય છે. નિવેદન એટલે જણાવવું. દેહ, પ્રાણ, ઇન્દ્રિય, અન્તઃકરણ, પતિ/પત્ની, ઘર, પુત્ર, ધન વગેરે બધું જ આત્મા

સહિત પ્રભુને નિવેદન કરવામાં આવે છે.

તે નિવેદિત સર્વ પદાર્થોને યથાયોગ્ય રીતે પ્રભુની સેવામાં ઉપયોગમાં લેવામાં આવે તેને સમર્પણ કહેવાય છે.

તેથી બ્રહ્મસમ્બન્ધદીક્ષા પછીના કર્તવ્યની સમજ આપતા શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે –

નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ । (સિદ્ધાન્તરહસ્ય – ૫)

અર્થઃ બ્રહ્મસમ્બન્ધ લઇને જેમણે પ્રભુ પ્રતિ નિવેદન કર્યું છે તેમણે પ્રભુને સમર્પણ કરીને જ સર્વ વ્યવહારો કરવા એવો ભક્તિમાર્ગનો સિદ્ધાન્ત છે.

ખરેખર તો આપણને વિસ્મૃત થયેલી સૃષ્ટિની મૂલભૂત વાસ્તવિકતાનો સ્વીકાર જ નિવેદન – સમર્પણ દ્વારા કરવામાં આવે છે.

પ્રભુની આ સૃષ્ટિમાં રહેવાનો શ્રેષ્ઠ પ્રકાર – સમર્પણભાવ

કોઇ સ્નેહ સદ્ભાવથી સારી વસ્તુ આપણને આપે ત્યારે આપણા વ્યવહારના ત્રણ પ્રકાર સંભવી શકે –

(૧) આપણે તે વસ્તુનો તિરસ્કાર કરીએ.
(૨) અહંકાર પ્રદર્શિત કરીને ઝુંટવી લઇએ.
(૩) આભાર પ્રકટ કરીને સ્વીકાર કરીએ.

આ ત્રણે વ્યવહારમાંથી કયો વ્યવહાર યોગ્ય ગણાય ?

ઉત્તર ખૂબ જ સરળ છે – આભાર પ્રકટ કરીને સ્વીકાર કરવાનો...

તેથી પ્રભુએ આપણને આ સૃષ્ટિમાં જે કંઇ આપ્યું છે તેનો ‘હેયબુદ્ધિથી (ખરાબ છે એમ માનીને) કરાતો ત્યાગ’ અથવા ‘સ્વાર્થપરાયણ થઇને અહંકારપૂર્વક કરાતો ભોગ’ આ બન્ને જીવન જીવવાના અયોગ્ય પ્રકારો છે. પરન્તુ ‘પ્રાપ્તનો પ્રભુ પ્રતિ સમર્પણ ભાવ રાખીને પ્રસાદ તરીકે કરવામાં આવતો ઉપયોગ’ તે જ જીવન જીવવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે –
વ્યર્થત્યાગાપેક્ષયા ભગવતિ સમર્પણમ્ ઉત્તમમ્ ।

અર્થ : પ્રાપ્ત વસ્તુનો વ્યર્થ ત્યાગ કરવા કરતા ભગવાનને સમર્પિત કરવું ઉત્તમ છે.

સમર્પણની સિદ્ધિ માટે શ્રીમહાપ્રભુજીએ ઉપદેશેલા પ્રકારે સ્વગૃહમાં ભગવત્સેવા કરવી જોઇએ.

આપણા આચાર્યો - શ્રીપુરૂષોત્તમજી

ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી



શ્રીપુરૂષોત્તમજીનું પ્રાકટ્ય શ્રીવલ્લભાચાર્યજીથી સાતમી પેઢીએ દાનએકાદશીના શુભ દિવસે થયું. આપશ્રીના પિતાશ્રીનું નામ શ્રીપીતામ્બરજી હતું. આપશ્રીના વિદ્યાગુરૂ શ્રીકૃષ્ણચન્દ્રજી હતા. આપશ્રી સુરતની પુષ્ટિમાર્ગીય આચાર્ય પરમ્પરામાં શ્રીવ્રજરાયજીને ત્યાં ગોદ પધાર્યા હતા અને ત્યાર પછી સુરતમાં જ આપશ્રીએ નિવાસ કર્યો હતો.

સમ્પ્રદાયમાં પ્રચલિત એક પ્રસંગ અનુસાર આપશ્રી નાના હતા ત્યારે સૂરતમાં આવેલા એક માયાવાદી વિદ્વાને શાસ્ત્રાર્થ માટે આહ્વાન કર્યું હતું. ત્યારે બાલવયના શ્રીપુરૂષોત્તમજીએ માતાશ્રીના કહેવાથી ત્રણ દિવસ અને રાત્રિ એકાન્તમાં બિરાજીને શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠ કર્યા. ત્યારે શ્રીવલ્લભે પ્રકટ થઇને આશીર્વાદ આપ્યા અને શ્રીવલ્લભની કૃપાથી શ્રીપુરૂષોત્તમજીએ માયાવાદી પંડિત સાથે શાસ્ત્રાર્થ કરીને તેના મતનું ખંડન કર્યું અને બ્રહ્મવાદનો મત સ્થાપિત કર્યો.

ત્યાર પછી આપશ્રીએ શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઇજીના પ્રત્યેક ગ્રન્થનું અત્યન્ત ઝીણવટભર્યું અવલોકન કર્યું હતું અને શ્રીહરિરાયજી, શ્રીચાચા ગોપેશજી, શ્રીદ્વારકેશજી આદિ પુષ્ટિમાર્ગીય આચાર્યોના વિદ્વત્તાપૂર્ણ લેખ સાહિત્યનો પણ આપશ્રીએ તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. આપશ્રીનું પાંડિત્ય અગાધ હતું.

શ્રીપુરૂષોત્તમજીએ વેદાન્તના શાંકર-રામાનુજ-માધ્વ આદિ વિવિધ મતોના પ્રાયઃ બધા જ પ્રૌઢ ગ્રન્થોનો અભ્યાસ કર્યો તેમ જ વેદ-વેદાન્ત સિવાયના પણ ન્યાય-વૈશેષિક-સાંખ્ય-યોગ વગેરે શાસ્ત્રો, બૌદ્ધ-જૈન આદિ મતો તથા વ્યાકરણ, કાવ્ય, આયુર્વેદ વગેરે વિષયોનું તલસ્પર્શી જ્ઞાન આપશ્રીને હતું તે આપશ્રીના લેખન પરથી સ્પષ્ટ થાય છે. એમ કહી શકાય કે એક આચાર્ય માટે જે આવશ્યક હોય તે સર્વ વિષયો પર શ્રીપુરૂષોત્તમજીનું પ્રભુત્વ હતું.

વિદ્વાન્ હોવા ઉપરાન્ત આપશ્રી કલારસિક પણ હતા. તેઓશ્રી ચિત્રકલામાં પણ સિદ્ધહસ્ત હતા. આપશ્રી દ્વારા બનાવાયેલા અનેક ચિત્રો આજે પણ સુરતમાં વિદ્યમાન્ છે.

શ્રીપુરૂષોત્તમજીએ સમગ્ર ભારતનો પ્રવાસ કર્યો હતો. આપશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરતા. આપશ્રીએ સર્વત્ર શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો વિજય ધ્વજ ફરકાવ્યો હોવાથી આપશ્રી ‘દશદિગન્તવિજયી’ તરીકે પ્રસિદ્ધ થયા.

આપશ્રીએ અનેક ગ્રન્થોની રચના કરી છે તેમ જ શ્રીમહાપ્રભુજીના પ્રત્યેક ગ્રન્થ પર આપશ્રીએ વિવરણ લખ્યા છે.

ભગવત્સેવાનો ક્રમ પૂર્ણ કરીને અનવસરના સમયમાં ગ્રન્થલેખન એકાગ્રતાથી થઇ શકે તે હેતુથી આપશ્રી સુરત પાસે દરિયાકિનારે આવેલા ‘ડુમ્મસ’ નામના સ્થળે પધારતા. આપશ્રીનો વિદ્યાનુરાગ એટલો હતો કે આપશ્રી જ્યારે પણ બહારગામ પધારતા ત્યારે તેઓશ્રીની સાથે અનેક ગાડાં ભરીને પુસ્તકો રહેતા.

આપશ્રી દ્વારા રચિત ગ્રન્થસાહિત્ય વિપુલ પ્રમાણમાં છે. આપશ્રીએ અનેક સ્વતન્ત્ર ગ્રન્થો રચ્યા છે જેમકે પ્રસ્થાનરત્નાકર, અવતારવાદાવલિ, ઉત્સવપ્રતાન વગેરે. આપશ્રીએ શ્રીમહાપ્રભુજીના અનેક ગ્રન્થો પર વિવરણ પણ લખ્યા છે જેમકે અણુભાષ્યપ્રકાશ, આવરણભંગ, સુબોધિનીપ્રકાશ, ષોડશગ્રન્થ પર વિવરણ વગેરે. આપશ્રીએ નવ લાખ જેટલા શ્લોકોનું સાહિત્ય રચ્યું છે તેવું પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં પ્રચલિત છે તેથી આપશ્રી ‘નવલક્ષગ્રન્થકર્તા’ નામથી પણ ઓળખાયા. આપશ્રીના સર્વ ગ્રન્થો આજે ઉપલબ્ધ નથી, પરન્તુ જેટલું સાહિત્ય ઉપલબ્ધ છે તેનાથી આપશ્રીની અગાધ વિદ્વત્તાનો પરિચય પ્રાપ્ત થઇ જ જાય છે. આપશ્રીએ પુષ્ટિમાર્ગના સર્વ વિષયો પર લેખન કરીને પુષ્ટિસાહિત્યને સર્વાંગપૂર્ણ સમૃદ્ધ કર્યું છે.

આવા મૂર્તિમાન્ જ્ઞાનસ્વરૂપ આપણા પ્રેરણાદાયી આચાર્યશ્રીને અન્તઃકરણપૂર્વક પ્રણામ કરીએ.

શિક્ષાપત્ર લેખાંક-૨૫

ચંદ્રિકાબેન નરશાણા - જૂનાગઢ

સ્વભક્તોથી ઘેરાયેલા પ્રભુના વેણુનાદથી ચિત્તને મોહ પમાડનાર વૃક્ષોને પણ પોતાની અંદરથી ઉભરાતી મધુધારાની વર્ષાથી ભીંજવી દે છે. પોતાના ચરણારવિંદને વ્રજભૂમિ ઉપર પ્રસ્થાપિત કરીને તેના તાપનું હરણ કરીને શ્રીયમુનાજીના તટ ઉપર જલક્રીડાનો આનંદ કરાવે છે. રસાત્મક પ્રભુ રસાત્મક ભક્તો માટે રસની વર્ષા રસના અનુભવ માટે કરતાં જ રહ્યા છે. આવી રસ બરખા બરસતી હોય ત્યારે આપણે જો લૌકિકરૂપ-છત્રીને સાથે લઇને ઓઢીને નીકળીએ તો પછી કઇ રીતે ભીંજાઇ શકીએ? તેનાથી વંચિત જ રહી જઇએ.

રસરૂપ ભગવાનના દર્શન કરવાનો તાપ જો હૃદયમાં પ્રગટ થાય તો એ જ ભાવ આપણા પ્રભુ માટેનો પ્રેમભાવ કહી શકાય! આવો પ્રેમભાવ જ અન્ય પદાર્થોમાંથી આપણી પ્રીતિનો નાશ કરવા સામર્થ્ય યુકત બની જાય છે. આવો પ્રેમભાવ પ્રભુ માટે આર્તિ પ્રકટ કરે છે અને સંસારમાં અરૂચિ ઉપજાવે છે.

પ્રભુમાં પ્રેમ થયો ક્યારે જાણવો?

આંખો સદાય પ્રભુના દર્શન કરવામાં રુચિકર બને, દર્શન કરતાં અલૌકિ આનંદ થાય. પ્રભુને જગાડતાની સાથે પ્રભુના મુખારવિંદ ઉપર પ્રસન્નતા છવાયેલી હોય. આલસયુક્ત નેત્રો ખોલીને પ્રભુ ભક્તના નયન થી નયન મિલાવીને કૃપા-કટાક્ષથી નિહાળે. આવા પ્રભુના નૈનોને નિરખતા પ્રભુને હૃદયે લગાવીને તેના શ્રીઅંગના સ્પર્શથી હૃદય અતિ રોમાંચિત થઇ ઉઠે. પ્રભુ પોઢી જાય ફરી બીજા દિવસે જગાડવા માટેની આર્તિ સતત રહે-તેનું નામ પ્રેમ છે.

લૌકિક પ્રેમ થવાના ત્રણ કારણો કદાચ હોઇ શકે. કોઇકનું રૂપ જોઇને તેમાં પ્રેમ થાય, કયારેક ગુણથી પણ પ્રેમ થઇ જાય અને ક્યારેક ધન-વૈભવ જોઇને પ્રેમ થાય. તો અલૌકિક પ્રેમ માટે પ્રભુના રૂપનું તો શું વર્ણન કરવું?

કોટિ કંદર્પ લાવણ્ય યુક્ત પ્રભુનું રૂપ છે. તેમના ગુણોને તો કઇ રીતે ગાય શકાય! પ્રાકૃત ગુણો વગર અપ્રાકૃત ગુણો ધરાવતા પ્રભુ તો ત્રિલોકના નાથ છે. તેને આપણા ભૌતિક વૈભવની પણ કોઇ જરૂર નથી. આપણી સાથે પ્રભુએ એટલું બધું સાધારણીકરણ કર્યું છે કે જે પરિસ્થિતિમાં આપણે રાખીએ તે પરિસ્થિતિમાં તે રહેવા તૈયાર છે. જે આરોગાવીએ તે - તેના માટે તૈયાર છે. જે આવા આ ત્રિલોકના નાથને ગદાધરદાસજી કહે છે.

આજ નંદલાલ-મુખ-ચંદ નયન નિરખ, પરમ મંગલ ભયો..
ભવન મેરે...
કોટિ-કંર્દપ લાવણ્ય એકત્રકર વારું તબહી જબ નેક હેરે ।।૧।।
સકલ-સુખ-સદન હર્ષિત વદન ગોપવર પ્રબલ મદન દલ
સંગ ઘેરે ।
કહો કોઉ કૈસે હું, નાહિ સુધ-બુધ બને ગદાધર મિશ્ર
ગિરિધરન ટેરે ।।૨।।

પ્રભુ માટે જ્યારે આવો પ્રેમ ભક્તના હૃદયમાં પનપે છે, ત્યારે તેના ભક્તિરૂપ વૃક્ષને પુષ્પ આવે છે. આસક્તિ એ ભક્તિ રૂપી વૃક્ષ નું પુષ્પ છે. વૃક્ષને જેમ જલનું સિંચન થાય તો તે ક્રમે ક્રમે પુષ્પિત અને પછી ફલિત થાય છે. તે જ રીતે ભક્તિરૂપી વૃક્ષને પ્રેમરૂપી જલનું સિંચન કરવામાં આવે ત્યારે તેમાં આસક્તિરૂપી પુષ્પો આવે છે, ખીલે છે, પ્રભુને મળવાની તાલાવેલી જાગે છે. આજ જન્મમાં આ જ નેત્રોથી પ્રભુ તેના પ્રત્યક્ષ દર્શન ક્યારે કરાવશે? આવો વિરહતાપ જો પ્રગટ થઇ જાય તો પ્રભુ પણ ભક્તને મળવા તત્પર બની જાય છે. લૌકિક-વૈદિક કાપટ્યભાવથી કરતાં કરતાં જ્યારે વૈષ્ણવત્વ સહજ બની જાય એ જ આસક્તિ છે. ત્યારે ભક્તની દશા બાવરી બની જાય છે. આ જ આસક્તિ નું લક્ષણ છે. તેના સિવાયના સાંસારિક કાર્યો અરૂચિકર લાગે, લીલામાં સદા-મન-મગ્ન રહે, દરેક કાર્યો પછી તે ભલે સાંસારિક હોય. પરંતુ તેમાંય પ્રભુની લીલાના દર્શન થયા કરે. એ જ આસક્તિ આ ભક્તિરૂપી વૃક્ષનું ફલ છે. આવો પરિતાપ ભગવદભક્તને પોતાના નું અનુસંધાન પણ રહેવા ન દે. સ્નેહ-પ્રેમ સ્મૃતિ કરાવે અહંકાર અને ગર્વનો નાશ કરાવે, જગતના સર્વ પદાર્થોમાં માત્ર શ્રીકૃષ્ણનું સ્મરણ કરાવે, વિષયાનંદ તુચ્છ લાગે.

પુર્ણાનંદ પ્રભુની પ્રાપ્તિ માટે સર્વ-જગતમાં પ્રભુનું જ સ્મરણ અને ચિંતન થયા કરે. આવી વ્યસન દશા પ્રાપ્ત થાય છે. જે રીતે લૌકિકમાં પણ વ્યસન થઇ જાય તો તેના વગર રહી શકાતું નથી. એ જ રીતે અલૌકિકમાં પ્રભુનું, પ્રભુમાં પ્રેમનું વ્યસન થઇ જાય તો તે પ્રભુ વગર રહી શકતો નથી. પણ પ્રભુ પણ તેના વગર રહી શકતા નથી. આવા ભક્તો અંતઃકરણપૂર્વક પ્રભુમાં એવા તો તન્મય બની જાય છે કે લોકો તેને અર્ધ-પાગલ સમજે છે.જીવ પોતાની કૃતિથી કે પોતાના પ્રયત્નોથી અલૌકિક પ્રેમ આસક્તિ કે વ્યસનના સોપાન સર કરી શકતો નથી. શ્રીવલ્લભની કૃપાથી તે સાધ્ય છે. જીવ-સાધ્ય નથી માટે શ્રીમહાપ્રભુજીના ચરણ-કમલનો દઢ આશ્રય ક્યારેય છોડવો નહિ. ભગવદ્પ્રાપ્તિ ન થવાનું જો કોઇ મુખ્ય કારણ હોય તો તે આપણી નિષ્ઠાનો અભાવ છે. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને આપણા જેવા જીવોના ઉદ્ધાર માટે જ પુષ્ટિમાર્ગ બતાવ્યો છે. એ માર્ગે ચાલવા માટે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓનું શબ્દશઃ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિથી પાલન કરવાથી ભગવદ્ પ્રાપ્તિ કદાચ સુલભ થઇ શકે. શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય થયો કયારે કહેવાય...? જ્યારે આપણી પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા થાય - પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોને ભગવદીયો સાથેના પરિપાક સ્વરૂપે જીવનમાં મન-વચન અને કર્મથી ઉતારી લઇએ ત્યારે શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય શક્ય બને છે અન્યથા નહિ. શ્રીવલ્લભના સિદ્ધાંતોને સમજવા માટે ગુરૂદેવની કૃપા જોઇએ. જેમના દ્વારા બ્રહ્મસંબંધની દીક્ષા દ્વારા દીક્ષિત છીએ - એવા શ્રીવલ્લભ વંશજો જેમના હૃદયમાં ''સ્વવંશે સ્થાપિત અશેષ સ્વમહાત્મ્ય'' (સર્વોત્તમ-સ્તોત્ર-૬૪) તેમની કૃપા જોઇએ.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓ તેમના સિવાય કોણ સમજાવી શકે! માટે મહાનુભાવોના વચનામૃતોનું દીનતાથી, શ્રદ્ધાથી અને વિશુદ્ધ બુદ્ધિથી શ્રવણ અને ચિંતન કરવાનું છે. સ્વબુદ્ધિથી તેનું અર્થઘટન કદાપિ ન કરવું. શ્રીકૃષ્ણ-ભાવરૂપ છે. તેમનું ભજન ભાવ વડે જ પ્રાપ્ત થાય છે. ચિત્તનું પ્રભુમાં પ્રબળ થવું તેનું નામ જ સેવા છે. આવી સેવામાં જગતની વિસ્મૃતિ કરવાનો પ્રયત્ન જરૂર કરવો જોઇએ. જો તે થાય તો જ માનસી સિદ્ધ થાય છે.

ચેતસ્-તત્પ્રવણંસેવા, તત્સિદ્ધયે તનુવિત્તજા ।
તતઃ સંસાર-દુઃખસ્ય નિવૃત્તિ બ્રહ્મબોધનમ્ ।। (સિ.મુ.૨)

ચિત્તનું શ્રીકૃષ્ણમાં પરોવાવું તેનું નામ સેવા, તેનાથી તનુવિત્તજા સિદ્ધ થાય-જેના દ્વારા સંસારના દુઃખની નિવૃત્તિ થાય અને બ્રહ્મનો બોધ થાય.

આપણો ભાવ શ્રીવલ્લભમાં પ્રસ્થાપિત થતો નથી કારણ કે આપણે તેમની આજ્ઞાઓનું પાલન કરતા નથી. આપણું સમર્પણ કાચું છે. સર્વ સમર્પિત થતાં નથી. અસમર્પિતનો ત્યાગ કરવાની આજ્ઞા સંપૂર્ણપણે નિભાવી શકતા નથી. અસમર્પિતનો ત્યાગ કરવો એટલે પ્રભુને સંપૂર્ણ સમર્પિત થઇને રહેવું. માત્ર ભોજન જ નહિં પરંતુ દરેક અસમર્પિત પદાર્થોનો ત્યાગ કરવાનો છે અને આપણો એક એક શ્વાસ પ્રભુને સમર્પિત થાય ત્યારે જ તેમની આજ્ઞાનું પાલન કર્યું કહેવાય. પોતાનાથી જે બને તે ''સેવાકૃતિર્ગુરોરાજ્ઞા'' ના સિદ્ધાંત પ્રમાણે દરેક વસ્તુ પદાર્થ સ્વમાર્ગની રીત પ્રમાણે પ્રભુને અંગીકાર કરાવીને પછી જ તેનો ઉપભોગ કરવો જોઇએ. તદીયોના-ભગવદીયોના સંગમાં રહીને સ્વમાર્ગનો વિચાર કરવાથી સદાનંદ એવા પ્રભુના કૃપાપાત્ર જરૂર બની શકાય છે.

શ્રીહરિરાયજી એ બતાવેલા આ વિવેચનથી આપણે આ માર્ગ પર ચાલવા કટિબદ્ધ થઇએ, શ્રીમહાપ્રભુજીના કૃપા-પાત્ર બનીએ. એવી વિનંતી સહ શ્રીમહાપ્રભુજી - શ્રીહરિરાયજીના ચરણ-કમલમાં કોટિ-કોટિ દંડવત્ પ્રણામ.

* * *

શ્રીબેઠકચરિત્ર માહાત્મ્ય

નરોત્તમભાઇ તન્ના - બાંટવા

બેઠકજી ૨૮મા-શ્રીકાશીમાં હનુમાનઘાટ ઉપરના બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઇજીના પ્રાકટ્ય પછી પાછા અડેલ પધારેલા. ત્યાં આપશ્રીને ત્રીજી વખત ભગવદ્ આજ્ઞા થઇ કે 'હવે આપનું પૃથ્વી પરનું કાર્ય પૂર્ણ થયુ છે માટે આપ નીજલીલામાં પાછા પધારો.' તેથી વિ.સ.૧૫૮૭માં આપશ્રીએ નિત્યલીલામાં પાછા પધારવાનો નિર્ણય કર્યો. આ પૂર્વે આપશ્રીએ ગૃહાસ્થાશ્રમનો ત્યાગ કરી, વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો હતો. હવે ચતુર્થ આશ્રમ સન્યાસ્તાશ્રમ સ્વીકારવા માટે શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે તેમના પત્નીની રજા માગી. પરન્તુ શ્રીઅક્કાજીએ સંમતિ ન આપતા આપશ્રીએ પોતાના દિવ્ય અગ્નિ સ્વરૂપને પ્રગટ કરી, અડેલની પોતાની પર્ણકુટી સળગાવી. પર્ણકુટીને આગ લાગેલી જોઇ ગભરાયેલા શ્રીઅક્કાજીએ શ્રીમહાપ્રભુજીને દૂર જાઓ, દૂર જાઓ, એવી વિનંતી કરી, તેને આપશ્રીએ સન્યાસ માટેની આજ્ઞા ગણી અને આપશ્રી કાશી પધાર્યા.

કાશીમાં શ્રીહનુમાનઘાટ ઉપર આપશ્રી બિરાજ્યા. ત્યાં આપશ્રી એ વિધિસરનો સન્યાસ લીધો અને પૂર્ણાનંદ નામ ધારણ કર્યુ. આપશ્રીએ અહીં બિરાજી વાણી અને અન્ન-જલનો ત્યાગ કર્યો. આ રીતે અઢાર દિવસ બિરાજ્યા પછી સાત દિવસ સુધી પરમહંસ વ્રત ધારણ કરીને બિરાજ્યા. આપે કેવલ કોપીન (લંગોટી) ધારણ કરી વિ.સં.૧૫૮૭ના અષાઢ સુદ બીજના પ્રભાતે ગંગાજીની મધ્યધારામાં પ્રવેશ કર્યો. તે સમયે શ્રીગોપીનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી અને અનેક વૈષ્ણવો આપશ્રીના દર્શન કરવા ત્યાં આવ્યા હતા. તે સૌએ વિનંતી કરી 'હવે અમારું કર્તવ્ય શું છે?' ત્યારે આપશ્રીએ નદીની એક શિલા ઉપર ખડીથી સાડા ત્રણ શ્લોક લખ્યા, જે 'શિક્ષાશ્લોકી'ના નામે પ્રસિદ્ધ છે. તે જ વખતે ત્યાં શ્રીનાથજીએ પ્રગટ થઇ, દોઢ શ્લોક કહ્યો અને સૌને આજ્ઞા કરી કે જો તમે આ કાળરૂપી પ્રવાહમાં પ્રભુથી બહિર્મુખ બની ખેંચાઇ જશો તો આ કાળ તમને તાણી જશે. પરંતુ જો તમે શ્રીગોપીજન-શ્રીવલ્લભમાં ચિત્ત રાખી, તમારું સેવાસ્મરણનું કર્તવ્ય કરશો તો આ કાળ તમને બાધા કરશે નહિ. શ્રીનાથજી ત્યાંથી અંતર્ધ્યાન થયા પછી મધ્યાહન સમયે આપશ્રીએ ગંગાજીની મધ્યધારામાં પ્રવેશ કર્યો. ત્યાંથી અતિ તેજસ્વી પ્રકાશનો પુંજ પ્રગટ થયો અને તે મોટા સ્તંભ રૂપે આકાશ સુધી પહોચ્યો અને તે દ્વારા શ્રીમહાપ્રભુજી ગોલોકધામમાં પધાર્યા. આ અલૌકિક લીલાનાં દર્શન ત્યાં ઉપસ્થિત સૌને થયાં, આપશ્રીના વિરહથી તે વખતે કૃષ્ણદાસ મેઘન આદિ અનેક વૈષ્ણવોના પ્રાણ છૂટી ગયા.

આજે પણ અહી શ્રીમહાપ્રભુજીના બેઠકજી બિરાજે છે. આમ, આપશ્રીએ ભૂતલ પર બાવન વર્ષ પ્રગટ દર્શન આપ્યાં. આપશ્રીની ગોલોકધામમાં પધારવાની લીલા 'આસુરવ્યામોહલીલા' કહેવાય છે. કારણ કે આપશ્રી પોતાના અલૌકિક સ્વરૂપથી સદાય ભૂતલ પર બિરાજે છે, પરંતુ જે આસુરી જીવો છે, તેમને આ લીલા દ્વારા પોતે ભૂતલ ત્યાગ કર્યાની ભ્રમણા કરાવી છે. આ બેઠકજીએ આપણે દંડવત્ કરીએ.

કીર્તન રસાસ્વાદ

સંકલન : વિમલભાઇ ભટ્ટ

આશ્રયનું પદ

જય શ્રીવલ્લભ ચરણકમલ સિર નાઇએ ||
પરમાનંદ સાકાર શશિ શરદમુખ
મધુરી બાની ભક્ત-જનન સંગ ગાઇએ ||૧||
રાજ તમ છોડ મધ્ય સત્ત્વકે સંગ હ્વૈ
રાખ વિશ્વાસ પ્રેમ પંથ કો ધાઇએ ||
કહત 'વ્રજાધીશ' વૃંદાવિપિન દંપતિ ધ્યાન ધર ધર
હિયે દૈગન સિરાઇયે

અહીં આ કીર્તનમાં શ્રીવ્રજાધીશજી શ્રીમહાપ્રભુજીની શરણાગતિ સ્વીકારી ભગવદ્ભક્તિ કરવાની આજ્ઞા કરી રહ્યા છે. આપશ્રી આજ્ઞા કરી રહ્યા છે કે શ્રીમહાપ્રભુજીના ચરણકમલમાં શિર નમાવો. શ્રીમહાપ્રભુજી માટે આપશ્રીએ શ્રીવલ્લભ નામ બતાવ્યુ. વલ્લભનો અર્થ થાય છે 'વ્હાલા'. આપણને સૌથી વિશેષ પ્રિય એ આપણા વલ્લભ કહેવાય. આપણે શ્રીમહાપ્રભુજીની શરણાગતિ તેમને સૌથી વિશેષ પ્રિય ગણીને સ્વીકારવાની છે. કારણ વ્હાલાની દરેક વાત આપણે વિશ્વાસપૂર્વક સ્વીકારવા માટે સહજ રીતે તૈયાર થઇ જઇએ છીએ. શિર શ્રીમહાપ્રભુજીના ચરણમાં નમાવવાનું છે તે ચરણને કમલની ઉપમા આપવામાં આવી. આપશ્રી વલ્લભના ચરણારવિંદ કમલ સમાન છે. કમલનો સહજ સ્વભાવ શીતલતાનું દાન કરવાનો છે. આપણે જીવ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખોથી તપ્ત છીએ એ દુઃખોના તાપને દૂર કરી શીતલતાનું દાન કરવાનું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં છે, તેથી ચરણકમલમાં શિર નમાવવાની આજ્ઞા કરી. કોઇપણ જગ્યાએ જ્યારે આપણે બે હાથ જોડી મસ્તક નમાવિએ ત્યારે આપણે તે વ્યક્તિની શરણાગતિ સ્વીકારીએ છીએ તેવો અર્થ થાય. જ્યાં સુધી શરણાગતિ સ્વીકારતા નથી ત્યાં સુધી આપણી અપેક્ષિત વસ્તુ આપણને જે તે વ્યક્તિ પાસેથી તેની પ્રસન્નતા પૂર્વક પ્રાપ્ત થતી નથી. ભગવાન્ શ્રીકૃષ્ણએ પણ ગીતાજીમાં આજ્ઞા કરી છે કે 'તદ્વિદ્ધિ પ્રણિપાતેન' – 'પ્રણિપાત એટલે બે હાથ જોડી વંદન કરવા. આદરપૂર્વક શરણાગતિ સ્વીકારવાની આ એક દૈહિક મુદ્રા છે માટે આ પ્રથમ પંક્તિ માંથી એવો ભાવ પ્રકટ થાય છે કે સંસારના તાપો ને શાંત કરી શીતલતા મેળવવા માટે શ્રીમહાપ્રભુજીના ચરણકમલમાં આદરપૂર્વક તેમને વિશેષ પ્રિય ગણી ને આપની શરણાગતિ પુષ્ટિ જીવે સ્વીકારવી જોઇએ. અહીં એ પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજીની જ શરણાગતિ શું કામ ? તો બીજી પંક્તિમાં બતાવે છે કે આપશ્રી કેવા છે '**પરમાનંદ સાકાર શશિ શરદમુખ**' શ્રીમહાપ્રભુજી ભગવાન્ શ્રીકૃષ્ણના મુખારવિંદનું પ્રાકટ્ય છે. પ્રભુ પરમાનંદ સ્વરૂપ છે. પ્રભુ જ્યારે પોતાના ભક્ત પર વિશેષ કૃપા કરી તેને પોતાની વિશુદ્ધ પ્રેમ યુક્ત લીલાઓનો અનુભવ કરાવી, પોતાના પ્રત્યેના પૂર્ણાનન્દ સ્નેહનું દાન કરી અને સ્વયં ભક્તના પોતા પ્રત્યેના સહજ સ્નેહથી પ્લાવિત બને છે ત્યારે તે પરમાનંદરૂપ બને છે. અને આવુ સ્વરૂપ આપણા પ્રભુ શ્રીકૃષ્ણનું છે અને શ્રીકૃષ્ણ સાકાર બ્રહ્મ છે. તેવા ભગવાન્નું મુખ કેવું? તો કહે, 'શશિ શરદમુખ' શરદપૂર્ણિમાના સોળકળાથી યુક્ત પૂર્ણ તેજોમય ચંદ્ર જેવું ભગવાન્નું શ્રીમુખ છે. શરદઋતુમાં દિવસે ખૂબ તાપ હોય છે તે તાપનું શમન રાત્રીના ચંદ્રોદય થયા પછી એ ચંદ્રના કીરણો દ્વારા થાય છે અને ચંદ્રનો એક બીજો ગુણ છે કે તેમાં અમૃત રહેલું છે. ચંદ્ર પોતાના કીરણો દ્વારા એ અમૃતની વર્ષા સમગ્ર જગત ઉપર કરે છે અને જગતને શીતલતાનું દાન કરે છે. શ્રીકૃષ્ણનું મુખારવિંદ પણ ભક્તના દરેક પ્રકારના તાપોને શાંત કરનારું છે. આવા પ્રભુના મુખારવિંદનો અવતાર શ્રીવલ્લભ છે તેનો આશ્રય કરનારના સર્વ પ્રકારના દુઃખોનું શમન થાય છે માટે જીવે તેનો જ આશ્રય કરવો જોઇએ, અને આપશ્રીના મુખમાંથી પ્રકટ

થતી અમૃતમયી વાણીનું પાન આપશ્રીના ભક્તજનોના સંગમાં કરવું જોઇએ કારણ કે શ્રીમહાપ્રભુજીની વાણીના ગૂઢ ભાવ અને રહસ્યો આપશ્રી પોતાના અનન્ય ભક્તના હૃદયમાં જ પ્રકટ કરે છે. આવા ભક્તોના સંગથી જ શ્રીવલ્લભની વાણીના હાર્દને જીવ જાણી શકે, માણી શકે તેથી તેવા અનન્યાશ્રયી ભક્તોના સંગમાં શ્રીવલ્લભની વાણીનું ગાન-અવગાહન કરવાની આજ્ઞા કરી રહ્યા છે.

શ્રીમહાપ્રભુજીની વાણીનું આવા અનન્યાશ્રયી ભક્તોના સંગમાં અવગાહન કરી જીવ જ્યારે શ્રીવલ્લભે બતાવેલા આચાર-વિચારને પોતાના વ્યવહારમાં એટલે કે આચરણમાં મુકે છે ત્યારે તેની અંદર રહેલા રાજસગુણ અને તમોગુણ દૂર થાય અને સત્ત્વગુણ વૃદ્ધિ પામે છે. શ્રીવલ્લભ અને શ્રીવલ્લભની વાણીમાં દૃઢ વિશ્વાસની પ્રાપ્તિ કરવા ભગવદીયોનો સંગ કરી દૃઢ વિશ્વાસપૂર્વક શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા ગોપીજનોના સ્નેહ-ભાવ-પ્રેમના પંથ પુષ્ટિમાર્ગમાં જીવે આગળ વધવુ અને ઉચ્ચકોટીની ભગવદ્ભક્તિ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઇએ. એટલે આગળ કહ્યું 'રાજતમ છાંડ મધ્ય સત્ત્વકે સંગ વ્હે, રાખ વિશ્વાસ પ્રેમ પંથ કો ધાઇએ'.

આવી રીતે સર્વોચ્ચ સ્નેહના શિખરરૂપ ગોપીજનોના ભાવ પ્રેમના માર્ગ પર ચાલનારને ફલ શું મળે? તેવો પ્રશ્ન થાય તો તેનું સમાધાન આગળની પંક્તિમાં કરતા આજ્ઞા કરે છે 'કહત વ્રજાધીશ વૃંદાવિપિન દંપતિ ધ્યાન ધર ધર, હિયે દગન સિરાઇએ.' જ્યારે જીવ આ પ્રેમ પંથમાં આગળ વધે છે ત્યારે પ્રભુ પ્રત્યેના સ્નેહને કારણે તેને સતત ભગવદ્ સ્વરૂપનું ચિંતન-સ્મરણ, ધ્યાન રહ્યા કરે છે. પ્રભુના કેવા સ્વરૂપનું ધ્યાન રહે છે? તો બતાવે છે 'વૃન્દાવિપિન દંપતિ ધ્યાન ધર ધર' શ્રીસ્વામીનીજી સહિત શ્રીકૃષ્ણ એટલે કે યુગલ સ્વરૂપ કે જે રસાત્મક છે તેવા પોતાના સ્વરૂપને પ્રેમ પંથ પર ચાલનારા ભક્તના હૃદયમાં ભગવાન્ પ્રકટ કરે છે અને આગળ વધતા સર્વાત્મભાવનું પણ દાન કરે છે, જેથી ભક્તને ક્ષણે-ક્ષણે કણ-કણમાં પ્રભુના આવા રસાત્મક સ્વરૂપનું દર્શન થાય છે. જેનાથી નેત્ર કહેતા દરેક ઇન્દ્રીયો ભક્તિ રસમાં રસાન્વિત બને છે. વેણુગીતમાં ગોપીજનો કહે છે 'અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામઃ' આપણી આંખનું સાફલ્ય બીજુ કંઇ જોવામાં નથી પરંતુ તે નેત્ર દ્વારા કેવલ ભગવદ્ દર્શન કરવામાં જ છે. પ્રભુના દર્શન કરીને જ નેત્રોને સંતોષ થવો જોઇએ અહીં નેત્રો દ્વારા સર્વે ઇન્દ્રિયોને ભક્તિરસમાં રસાન્વિત કરવાની વાત છે અને તેમાં જ જીવને સાચા આનંદ-પરમાનંદની પ્રાપ્તિ થાય છે. આ આનંદ-પરમાનંદ શ્રીવલ્લભની શરણાગતિ વગર કોઇપણ રીતે પ્રાપ્ત થવા શક્ય જ નથી માટે વ્રજાધીશજી કહે છે.

'જય શ્રીવલ્લભ ચરણકમલ શિરનાઇએ'

શ્રીગુસાંઇજીનાં બેઠકજી - ૪

રાધાકૃષ્ણ કુંડ

શ્રીગુસાંઇજીની આ બેઠકજી શ્યાલ તમાલ વૃક્ષની નીચે શ્રીમહાપ્રભુજીના બેઠકજીની બાજુમાં પ્રકટ બિરાજે છે. એક દિવસ એક ગોડીયા વૈષ્ણવે આપશ્રીને પૂછયું કે 'અમારામાં શ્રીસ્વામીનીજીને પરકીયા માનવામાં આવે છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં એમને સ્વકીયા મનાય છે. તો આ બેમાં સાચો મત ક્યો?' એમની આ શંકાનું નિવારણ કરવા શ્રીગુસાંઇજીએ રાધાકુંડમાં એક કોરો કાગળ પધરાવ્યો જે તરત કુંડમાં ડૂબી ગયો. થોડા સમય બાદ તે કાગળ પાછો જળની ઉપર તરી આવ્યો અને તેમાં શ્રીસ્વામિનીજીના હસ્તે એક શ્લોક લખ્યો હતો. જેનાથી પુષ્ટિમાર્ગનો મત પ્રામાણિક છે એ વાત સિદ્ધ થઇ ગઇ! તે ગોડીયા વૈષ્ણવ નિરૂત્તર થઇને ત્યાંથી ચાલ્યો ગયો.

સંકલન - અંજલિ સી. ફળદુ, સુરત

વલ્લભના વ્હાલા વલ્લભીય

સંકલન : વિમલભાઇ ભટ્ટ

ગતાંકથી આગળ –

દામોદરદાસ સંભલવારા કન્નૌજના વાસી

એક વખત દામોદરદાસ હરસાનીજી દામોદરદાસ સંભલવારાને ત્યાં મહેમાન બનીને આવ્યા. તે સંભલવારાને ત્યાં પાંચ-સાત દિવસ રહ્યા. ખૂબ સુંદર રીતે સમાધાન કર્યુ પછી દામોદરદાસ હરસાનીજી ત્યાંથી વિદાય થઇને અડેલ આવ્યા. ત્યારે શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું ‘‘દમલા! તું ક્યાં ઉતર્યો હતો? શું પ્રસાદ લીધો?’’ ત્યારે હરસાનીજીએ કહ્યું ‘‘મહારાજ! કન્નૌજમાં દામોદરદાસ સંભલવારાને ત્યાં ઉતર્યો હતો. અનસખડી મહાપ્રસાદ લેતો.’’ ત્યારે શ્રીમહાપ્રભુજી દામોદરદાસ સંભલવારા પર અપ્રસન્ન થયા. અને મનમાં વિચાર્યું આ મારો અંતરંગ સેવક છે તેને સખડી મહાપ્રસાદ કેમ ન લેવડાવ્યો? શ્રીમહાપ્રભુજીના મનની આ વાત દામોદરદાસ સંભલવારાએ ઘરે બેઠા જાણી કે શ્રીમહાપ્રભુજી મારા પર અપ્રસન્ન થયા છે. ત્યારે, સ્ત્રીને કહ્યું કે તું શ્રીઠાકોરજીની સેવા સુંદર રીતે કરજે અને હું તો શ્રીઆચાર્યજીના દર્શન માટે અડેલ જાઉં છું. આમ કહી પોતે અડેલ ચાલ્યા. અડેલ પહોંચી શ્રીમહાપ્રભુજીના દર્શન કર્યા. સાષ્ટાંગ દંડવત્ કર્યા. ત્યારે શ્રીઆચાર્યજી પીઠ દઇને બિરાજ્યા, ત્યારે સંભલવારાએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી અને કહ્યું ‘‘ મહારાજ ! મારો અપરાધ શું છે? અને જીવ તો અપરાધ કરતો જ આવ્યો છે. પણ શું અપરાધ થયો, એ ખબર પડે તો સારું!’’ ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ‘‘તે દામોદરદાસ હરસાનીજીને સખડી મહાપ્રસાદ કેમ ન લેવડાવ્યો? અને અનસખડી મહાપ્રસાદ કેમ લેવડાવ્યો?’’ ત્યારે દામોદરદાસ સંભલવારાએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી ‘‘મહારાજ! દામોદરદાસજીને પૂછો’’ ત્યારે શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસ હરસાનીજીને પૂછ્યું કે ‘‘ દમલા! તે દામોદરદાસ સંભલવારાને ત્યાં સખડી મહાપ્રસાદ કેમ ન લીધો ?’’ ત્યારે દામોદરદાસજીએ કહ્યું કે ‘‘મહારાજ! શ્રીઠાકુરજી પ્રાતઃકાલ બાલભોગ આરોગતા તે જ લેતો તે પછી સખડી પ્રસાદ લેવાની રૂચિ જ ન રહેતી તેથી ન લેતો.’’ ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું ‘‘તુ તો તારી ઇચ્છાથી ન લેતો, પરંતુ અમને તો એના ઉપર ક્રોધ આવ્યો.’’

આ તો ભક્તના અંતઃકરની ભક્તિ જોવા માટે પ્રભુનું આ (શ્રીમહાપ્રભુજીનું) નાટક હતું. કારણ દામોદરદાસ સંભલવારા કન્નૌજમાં પોતાના ઘરે બેઠા શ્રીઆચાર્યજીના અંતઃકરણની વાત જાણી ગયા. તેથી શ્રીઆચાર્યજી તો ભક્તના હૃદયમાં સદા સ્થિત છે. આવા ભક્ત શું શ્રીમહાપ્રભુજીનાં હૃદયની વાત ન જાણે? પરંતુ ભક્ત પરીક્ષાર્થ પ્રભુનું આ નાટક હતું. પાછળથી સંભલવારાનું ખૂબ સન્માન કરી અને શ્રીમહાપ્રભુજીએ તેમના ઘરે મોકલ્યા. ત્યારે દામોદરદાસ પોતાના ઘરે કન્નૌજ પાછા આવી પહોંચ્યા. સ્ત્રી-પુરૂષ સુંદર રીતે સેવા કરવા લાગ્યા.

(ભાવપ્રકાશ : દામોદરદાસ હરસાનીજી સંભલવારા પર કૃપા કરવા માટે એમના ઘરે મહેમાન બનીને આવ્યા. સંભલવારા તનુ વિત્તજા ખૂબ સુંદર રીતે રાજસેવા કરે છે અને જે વૈષ્ણવ તેમને ત્યાં થઇ શ્રીઆચાર્યજીના દર્શને જતા તેમની સાથે જુદી જુદી ભેટ મોકલાવતા વૈષ્ણવનું સમાધાન ખૂબ સુંદર રીતે કરતા. ખડિયામાં કોઇને કહ્યા વગર ખર્ચ માટે દ્રવ્ય ભરી દેતા. શ્રીમહાપ્રભુજી પાસે તેમનું નામ બહુ મોટું થયું. જે આવે તે તેની વડાઇ કરે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ વિચાર્યુ કે, હૃદયનો અંદરનો ભાવ શુદ્ધ હોય તો કામનું, અન્યાશ્રય ન હોવો જોઇએ. શ્રીમહાપ્રભુજીના હૃદયની આ વાત જાણી દામોદરદાસ હરસાનીજી સંભલવારા પર કૃપા કરવા તેમને ત્યાં મહેમાન બનીને ગયાં. તે સંભલવારાના હૃદયનો ભાવ-રીત સુંદર દેખાયાં પરંતુ સ્ત્રીમાં રંચક પિતાની કાનિ જાણી સખડી મહાપ્રસાદ ન

લીધો. પાંચ-સાત દિવસ રહ્યા પરંતુ સંભલવારા પાસે માર્ગની વાત કે પોતાના હૃદયનો અભિપ્રાય કંઇ પણ કહ્યું નહિં. પછી જ્યારે શ્રીમહાપ્રભુજી પાસે આવ્યાં ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછયું ક્યાંથી આવ્યા? ત્યારે વિનંતી કરી દામોદરદાસ સંભલવારાને ત્યાં મહેમાન બની ગયો હતો તે સખડી પ્રસાદ તો ન લીધો પણ અનસખડી પ્રસાદ લીધો. તેમ કહીને એવું બતાવ્યું કે સંભલવારાનો ભાવ તો દૃઢ હતો પરંતુ સ્ત્રીનો ભાવ દૃઢ ન હતો તેથી સખડી મહાપ્રસાદ ન લીધો. ત્યારે શ્રીમહાપ્રભુજી સંભલવારા પર અપ્રસન્ન થયા કે મારા અંતરંગ સેવકને પ્રાપ્ત કરી સ્ત્રીને અન્યાશ્રય ન છોડાવ્યો? આવો સમય ફરી ક્યારે આવશે? આ વાત શ્રીમહાપ્રભુજીના હૃદયની સંભલવારાએ જાણી. સ્ત્રીને અન્યાશ્રય હતો તેથી તેણે ન જાણી.)

સિંહનંદના વૈષ્ણવ જ્યારે શ્રીઆચાર્યજીના દર્શને અડેલ જતા ત્યારે કન્નૌજમાં દામોદરદાસજીના ઘરે ઉતરતા. દામોદરદાસ બધાને પ્રસાદ લેવડાવતા. પછી જયારે વૈષ્ણવ વિદાય થાય ત્યારે જેટલા વૈષ્ણવ હોય તે બધાની સાથે એક-એક મહોર અને એક એક શ્રીફળ શ્રીમહાપ્રભુજીને ભેટ મોકલાવતા. કારણ કે મારા દંડવત્ તે ખાલી હાથે કેવી રીતે કરાય? તે દામોદરદાસજી આવા ભગવદીય હતા.

દામોદરદાસજીના સસરા બહુ ધનવાન હતા તે પુત્રીને દાયજામાં એકસો દાસી આપી હતી. એવું વિચારીને કે મારી દીકરીને કામ ન કરવું પડે અને બધુ કામ આ દાસીઓ કરશે. પરંતુ દામોદરદાસજીના સ્ત્રીજન દાસીઓ પાસે અન્ય કામ કરાવતી પણ સેવાનું કાર્ય પોતે જાતે કરતી. તેથી તે પણ આવી ભગવદીય હતી.

સિદ્ધાન્ત : (૧) વૈષ્ણવ પોતાના ઘરે પધારે તો યથાયોગ્ય તેની મહેમાનગતિ કરી સમાધાન કરવું જ જોઇએ તેમાં કચાશ ન રાખવી. (૨) વૈષ્ણવનો શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક, આદરપૂર્વક સંગ કરવાથી અન્યાશ્રયરૂપી દોષ દૂર થાય છે. (૩) શ્રીમહાપ્રભુજી પોતાના અનન્ય ભક્તોના હૃદયમાં ચોક્કસ બીરાજે છે તેથી તેના હૃદયની વાત શ્રીમહાપ્રભુજી અને શ્રીમહાપ્રભુજીના હૃદયનો અભિપ્રાય તે ભગવદીય જાણતા જ હોય છે. (૪) શ્રીમહાપ્રભુજી અથવા તો વલ્લભકુલની સમ્મુખ થતા વૈષ્ણવોના હાથે પોતાની સુધી લેવડાવવા ભેટ ચોક્કસ મોકલવી જોઇએ. (૫) ભગવત્સેવા સંબંધી બધા કાર્યો પોતે જાતે જ કરવા જોઇએ.

- નીચેના પ્રશ્નોના જવાબ વિચારો અને લખો.

(૧) દામોદરદાસ હરસાનીજી સંભલવારાને ત્યાં શા માટે પધાર્યા હતા?

(૨) હરસાનીજીએ સંભલવારાને ત્યાં સખડી મહાપ્રસાદ કેમ ન લીધો?

(૩) શ્રીમહાપ્રભુજી સંભલવારા પર અપ્રસન્ન કેમ થયાં?

(૪) શ્રીમહાપ્રભુજી પોતાના પર અપ્રસન્ન છે તે સંભલવારાને કેમ ખબર પડી?

(૫) દામોદરદાસ સંભલવારાના સ્ત્રીએ શ્રીમહાપ્રભુજીના હૃદયની વાત કેમ ન જાણી?

(૬) હરસાનીજીએ સંભલવારા પાસે માર્ગની વાર્તા કેમ ન કરી?

(૭) અડેલ જતા વૈષ્ણવો સાથે સંભલવારા શ્રીમહાપ્રભુજીની માટે શું મોકલાવતા ?

(૮) સંભલવારાના સસરાએ કેટલી દાસી દાયજામાં આપેલી? તે શું કરતી?

(૯) વાર્તા સિદ્ધાન્ત લખો અને હૃદયારૂઢ કરો.

ભાવને આધીન ભગવાન

સંકલન – ડૉ. કૃષ્ણકાન્ત શાહ

ભક્તિપૂર્વક જે ભક્ત મને પત્ર, પુષ્પ, ફળ, જલ અર્પણ કરે છે એ હું રાજી થઇ અંગીકાર છું.

પત્ર એટલે ભાજી. વિદુરજીએ ભગવાનને ભાજી અર્પણ કરી. પુષ્ટિમાર્ગમાં ભાજી કોણે અર્પણ કરી? શ્રીગદાધરદાસે.

એક દિવસ શ્રીગદાધરદાસે વૈષ્ણવોને મહાપ્રસાદ લેવા બોલાવ્યા હતા. ઘરમાં બધી સામગ્રી હતી પણ શાક ન હતુ. ત્યારે ગદાધરદાસે બેઠેલા વૈષ્ણવોને કહ્યું મને કોઇ શાક લાવી આપો. શ્રીમાધવદાસ જઇને બથુવાની ભાજી લઇ આવ્યા. સામગ્રી સિદ્ધ કરી શ્રીઠાકોરજીને ભોગ ધર્યો. સમય થયે ભોગ સરાવી અનોસર કરી બધા વૈષ્ણવોને મહાપ્રસાદની પાતળ ધરી. વૈષ્ણવોએ મહાપ્રસાદ લેતાં શાકને ખુબ વખાણ્યું. ગદાધરદાસ પીરસતાં પીરસતાં માધવદાસ પાસે આવ્યા. ત્યારે માધવદાસને કહ્યું કે તારું લાવેલ શાક શ્રીઠાકોરજી આરોગ્યા છે. આ રીતે પુષ્ટિમાર્ગમાં શ્રીગદાધરદાસે ભગવાનને ભાજી અર્પણ કરી.

પુષ્પ ગજેન્દ્ર નામના હાથીએ અર્પણ કર્યું. પુષ્ટિમાર્ગમાં પુષ્પ કોણે અર્પણ કર્યું? શ્રીજમનાદાસે.

જમનાદાસ શ્રીજીબાવા માટે ફુલ લેવા બજારમાં ગયા. માળી પાસે ગુલાબનું એક જ ફુલ હતું. ખરીદનાર બે જણ હતા. એક શેઠ હતા. જેમને કોટના બટનમાં ફુલ ખોસવા માટે જોઇતું હતુ અને જમનાદાસને શ્રીજીબાવાના મસ્તક ઉપર પધરાવવા માટે. જમનાદાસે માળીને કહ્યુ હું સો રૂપિયા આપીશ. શેઠે કહ્યું હું હજાર રૂપિયા આપીશ. જમનાદાસે તુરંત કહ્યું હું એક લાખ રૂપિયા આપીશ. શેઠ જમનાદાસનો જુસ્સો જોઇ ઢીલા પડી ગયા. જમનાદાસે એમની તમામ સંપત્તિ-સર્વસ્વ આપી દીધુ અને ગુલાબનું એક ફુલ ખરીદ્યુ અને પોતાના સેવ્ય શ્રીઠાકોરજીને એ ફૂલ અર્પણ કર્યુ. આ સમયે શ્રીગિરિરાજજી ઉપર શ્રીગુસાંઇજી શ્રીજીબાવાના શ્રૃંગાર કરી રહ્યા હતા ત્યાં શ્રીજીબાવાનું મસ્તક ઝુકી ગયું ત્યારે શ્રીગુસાંઇજીએ પૂછયું બાવા મસ્તક કેમ ઝુકી ગયું છ? ત્યારે શ્રીજીબાવાએ આજ્ઞા કરી કે આપના એક સેવકે અમને એકલાખ રૂપિયાનું ગુલાબ ધર્યુ છે. તેના વજનથી અમારું મસ્તક ઝુકી ગયું છે. શેનું વજન? ફુલનું વજન નહિ. પણ ફુલના ભાવનું વજન હતું. આ રીતે પુષ્ટિમાર્ગમાં શ્રીજમનાદાસે ભગવાનને ફુલ અર્પણ કર્યું.

ફળ કોણે અર્પણ કર્યુ? ફળ શબરીએ અર્પણ કર્યુ. પુષ્ટિમાર્ગમાં ફળ કોણે અર્પણ કર્યુ? શ્રીકુંભનદાસે.

કુંભનદાસ રસ્તામાં પસાર થતા હતા. ફળની લારીમાં કેરી જોઇ ખિસ્સામાં પૈસા ન હતા. એમણે ભાવથી આંખ બંધ કરી ભગવાનને ધરાવી. એ જ કેરી એક શેઠીયાએ ખરીદી અને ભગવાનને રાજભોગમાં અર્પણ કરી. શ્રીજી બાવા એ કહ્યુ આ કેરી તો મેં લારીમાંથી જ આરોગી છે. ફરી કેમ અર્પણ કરી?

ભગવાનને જળ રંતિદેવે અર્પણ કર્યું? પુષ્ટિમાર્ગમાં જળ કોણે અર્પણ કર્યુ? શ્રીગદાધરદાસે.

શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીગદાધરદાસ અગાઉ ભિક્ષાવૃત્તિથી ગુજરાન ચલાવતા. પરંતુ બ્રહ્મસંબંધ લીધા પછી એમણે અવ્યાવૃત્ત એટલે જે ઘેર બેઠા કોઇ યજમાન આપી જાય એમાંથી સામગ્રી બનાવી શ્રીઠાકોરજીને અર્પણ કરે અને કોઇ વૈષ્ણવને મહાપ્રસાદ લેવડાવી અને પછી પોતે પ્રસાદ લેતા. આવું ત્યાગી જીવન.

એક દિવસ એવુ બન્યું કે યજમાનને ઘેરથી કંઇ આવ્યું નહિં. ગદાધરદાસે મંગળામાં જળની લોટી ભોગ ધરી. શૃંગાર, રાજભોગમાં પણ જળ જ ધર્યુ. પછી ઉત્થાપન અને સેનભોગમાં પણ જળ જ ધર્યુ. પરંતુ કોઇની પાસેથી ઉધાર ન લીધું. દોઢ પ્રહર રાત્રી વીતી ગઇ. ગદાધરદાસને છાતીમાં અગ્નિ લાગી કે આજે મારા ઠાકોરજી ભુખ્યા રહ્યા. મોડી રાત્રે એક યજમાન આવ્યો અને ચાર રૂપિયા રોકડા આપ્યા. ગદાધરદાસ પૈસા લઇ શ્રીઠાકોરજી માટે સામગ્રી લેવા ગયા. બજારમાં હલવાઇ જલેબી બનાવતો હતો. તેણે તે જલેબી કોઇને આપી ન હોવાથી જલેબી લઇ ઘેર આવ્યા. શ્રીઠાકોરજીને ભોગ ધરાવ્યો. શ્રીઠાકોરજીને ત્યારબાદ પોઢાડી વૈષ્ણવને બોલાવી મહાપ્રસાદ લેવડાવ્યો અને પોતે ભુખ્યા સૂઇ રહ્યા. આમ શ્રીગદાધરદાસે પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીને જળ અર્પણ કર્યુ.

પુષ્ટિ સિદ્ધાન્ત

સંકલન : ભાલોડીયા નિધિબેન, ઉપલેટા

બ્રહ્મસમ્બન્ધી જીવનું મુખ્ય કર્તવ્ય ભગવદ્સેવા જ છે.

પુષ્ટિમાર્ગમાં પ્રભુની કૃપા જ મુખ્ય છે. જીવાત્માં ગમે તેવો દોષવાળો હોય, પરંતુ પ્રભુ તેનું વરણ કરી, દોષ દૂર કરી, સેવા માટે યોગ્ય બનાવે છે. પ્રભુ બિન-શરતી કૃપા કરે છે. સેવક પાસે 'તનુવિત્તજા' સેવા કરાવતા સેવક ને તનુનવત્ત્વનું દાન કરે છે. પરં ફલ રૂપા માનસી સિદ્ધ કરે છે. જીવ પોતાના પ્રયત્નથી આ પરમ્ અર્થ રૂપ ફલ પામી શકતો નથી. ભગવત્કૃપાથી જ મળે છે, પ્રભુ આવા સર્વસમર્થ છે.

આપણને પ્રભુની કૃપા પ્રાપ્ત થઇ છે. માટે મનુષ્યયોનિ મળી, વૈષ્ણવ પરિવારમાં જન્મ મળ્યો. વૈષ્ણવતાના સંસ્કારો વારસામાં અને વાતાવરણમાં મળ્યા, શ્રીવલ્લભ જેવા ગુરૂ મળ્યા, બ્રહ્મસંબંધનું દાન થયું, ભગવદ્સેવાનો ઉપદેશ મળ્યો. છતાં કહીએ કે કૃપા થશે, ત્યારે સેવા કરીશું આનાથી વિશેષ બીજી કૃપા કઇ હોઇ શકે?

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં ખાસ જોવા મળે છે કે જેઓ બ્રહ્મસંબંધ દીક્ષા લઇ શરણે આવે ત્યારે પ્રશ્ન એ જ પૂછે કે અમારૂં કર્તવ્ય શું? અને પ્રત્યુત્તર રૂપે શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઇજી કહેતા કે શ્રીઠાકોરજીને પધરાવી ગૃહસેવા કરો અને બધા વૈષ્ણવો શ્રીવલ્લભના આ ઉપદેશ ને શિરોમાન્ય ગણી ભગવદ્સેવા કરતા.

પરંતુ આજે આપણને પ્રશ્ન થાય કે -

→ હું સેવા વિશે કંઇ જાણતો નથી મને સેવા કરતા કેવી રીતે આવડે?

→ સેવા કરવા માટે સગવડવાળું મોટુ ઘર જોઇએ?

→ સેવા માટે સારા એવા પૈસા જોઇએ. હું તો સાધારણ સ્થિતિ નો છું.

→ સેવામાં ઘણો સમય આપવો પડે.

→ એકલાથી સેવા કેમ બને? ઘરનાં લોકો ઉદાસીન છે અથવા પ્રતિકૂલ છે.

→ સેવામાં ચિત્ત ચોટવું જોઇએ. મારું ચિત્ત ભટકતું રહે છે.

→ સેવા અમુક નેગભોગ વાળી, અમુક રાજભોગ વાળી, અમુક શૃંગારવાળી જ હોવી જોઇએ.

→ સેવા અમુક પ્રકારના અપરસ વાળી, કૂવાના જલની વગેરેની જ હોવી જોઇએ.

જ્યારે આપણને આવા પ્રશ્નો પજવતા હોય ત્યારે આપણે સેવા કરવાનો વિચાર જ ઢીલો કરી દઇએ છીએ અને નિરૂત્સાહ થઇ જઇએ. એ વખતે શ્રીમહાપ્રભુજી બહુ પ્રેમથી આપણને સમજાવે છે કે મારામાં વિશ્વાસ રાખો. હું તમને જ જે(સેવા) કરવાની આજ્ઞા કરીશ. તે ત્યારે જ કરીશ કે તમારાથી સરળ રીતે અને સહજ રીતે થઇ શકે.

બ્રહ્મસંબંધ લીધા પછીના પુષ્ટિજીવના મુખ્ય કર્તવ્યો (આચારો) શ્રીમહાપ્રભુજીએ બતાવેલા સિદ્ધાંતોનું પાલન જ છે.

→ કૃષ્ણસેવા સદા કાર્યા.

→ તત્ સિદ્ધ્યૈ તનુવિત્તજા

→ અસમર્પિત વસ્તુનાં તસ્માદ્વર્જનમાચરેત્

→ સર્વદા સર્વ ભાવેન ભજનિયો વ્રજાધિપ:

→ ગૃહે સ્થિત્વા સ્વધર્મત:

બ્રહ્મસંબંધી જીવો માટે ભગવત્સુખાર્થે થતી સેવા એ જ મુખ્ય કર્તવ્ય છે. અપરસ કે સામગ્રી કે ભોગ કે શૃંગાર વગેરે ગૌણ છે.

ભોગ-રાગ-શૃંગારનો ભગવત્સેવામાં વિનિયોગનો કોઇ નિશ્ચિત સિદ્ધાંત નથી બનાવી શકાતો. એટલા માટે જ શ્રીગોપીનાથજી એ ''દેશ-કાલ-વિભૂતીનામ્ અનુસારેણ સેવનમ્'' એમ કહ્યુ છે. જેને જે સ્થાનમાં જે સમયમાં, જે પ્રકારના ભોગ-શૃંગાર સહજ પ્રાપ્ત હશે. તેનો જ તો તે પ્રભુસેવામાં વિનિયોગ કરી શકશે અને જો કદાચ આ બાબતનો નિયમ બનાવી દેવામાં આવે તો શું પરિસ્થિતિ થશે? કોઇ વ્યક્તિ ને નિયમ મુજબ ભોગ-શૃંગાર પ્રાપ્ત ન થાય. તેનો

વિનિયોગ કરી શકવાની તેની શક્તિ નથી. તો તેવા નિયમને કારણે તેનો ભાવ ખંડિત થઇ જશે.

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આવે છે કે વૈષ્ણવો ઝૂંપડીમાં રહેતા, કોઇ વૈષ્ણવ માત્ર રોટલી જ ધરતા. કોઇક ક્યારેક માત્ર ખીરજ ધરી દેતા હતા, ગદાધરદાસ પાસે એક દિવસ ભોગ ધરવા માટે કાંઇ જ ન હતું તો તેણે માત્ર જલની લોટી જ ભોગ ધરી, દ્રવ્ય સંકોચ છે. માટે કોઇએ પોતાના શ્રીઠાકોરજીને બાજરીના દાણા પલાળીને ધર્યા છે, બધા ભોગમાં માત્ર છોલા જ ધરતા, કોઇએ હથેળીમાં ડોલ ઝૂલાવ્યા છે, કોઇ વૈષ્ણવે શ્રીઠાકોરજીને ઉપરણામાં પલને ઝૂલાવ્યા છે. કોઇએ ગાયની ખીરકમાં અન્નકૂટ કર્યો છે. આવી પરિસ્થિતિમાં પણ આ બધા વૈષ્ણવોએ 'ભગવદ્‌સેવા' કરી છે.

કુંભનદાસજી ખેતરમાં બાંધેલા ઝૂંપડામાં રહેતા હતા. પોતાના ખેતરમાં ઉગતા અનાજની રોટી અને ટેંટીનું શાક શ્રીઠાકોરજીને ધર્યું છે. તે શ્રીઠાકોરજીને અતિપ્રિય લાગ્યું છે અને પ્રેમથી આરોગે છે. વ્રજભક્તોએ લાવેલા ભોજન કરતા પણ ઉત્તમ છે, સુંદર છે તેમ જણાવ્યું છે.

પદ્મનાભદાસજી એ ફક્ત છોલા જ બધા ભોગમાં દરેક ઉત્સવમાં ધર્યા છે. છોલા પણ શ્રીમથુરાધીશજીને છપ્પનભોગ કરતા પણ વધારે ઉત્તમ લાગ્યા છે.

૨૫૨ વૈષ્ણવની વાર્તામાં આવે છે કે રાજનગરમાં ભાઇલા કોઠારીને ત્યાં, ગામનાં એક મા-બેટીએ બ્રહ્મસંબંધ લીધા બાદ શ્રીગુંસાઇજીને સેવા પધરાવવાની ના પાડી. શ્રીગુંસાઇજીએ કારણ પૂછ્યુ? ત્યારે તેમણે જણાવ્યું કે પોતે દ્રવ્ય સંપન્ન ન હોવાથી ભાઇલા કોઠારી જેવી નેગભોગવાળી સેવાથી શ્રીઠાકોરજીને પહોંચી શકે તેમ નથી. શ્રીઠાકોરજીને પરિશ્રમ પડે માટે ના પાડી છે. તેના પ્રત્યુત્તરમાં શ્રીગુંસાઇજીએ જણાવ્યું કે બાઇ આખા વરસમાં તારો એક સાડલો તું નવો લાવે ત્યારે તેમાંથી એક વેંતનો ટુકડો ફાડી લેજે. પછી તારા ઉપયોગમાં તે સાડલો લેજે અને તે ટૂકડામાંથી આખા વરસનાં વસ્ત્ર શ્રીઠાકોરજીના થશે.

મંગળભોગ-ઉત્થાપનભોગમાં, સૂકા મેવા, માખણ-મિશ્રી, ફલ-ફલાદીની જગ્યાએ તારા ઘરમાં બાજરી ના દાણા તો હશે ને તે જલમાં પલાળી-નરમ થાય પછી શ્રીઠાકોરજીને ધરજે. રાજભોગમાં તુ જે રસોઇ કરે, જે બની આવે તે અનુકૂલતા પ્રમાણે ધરજે. દાસભાવથી અસમર્પિતના ત્યાગનો ભાવ રાખવાથી શ્રીઠાકોરજી ઘણું માનીને શ્રીમહાપ્રભુજીની કૃપાથી અંગીકાર કરશે. આવો સહજ પ્રકાર જાણ્યા પછી તેમણે શ્રીઠાકોરજી પધરાવ્યા અને એ પ્રમાણેનો સેવાક્રમ પોતાની પરિસ્થિતિ મુજબ રાખ્યો.

શ્રીગુંસાઇજીના સેવક એક નિષ્કિંચન વૈષ્ણવ શ્રીઠાકોરજી પધરાવીને સેવા કરતા. ઉનાળામાં ત્યાં ગરમી સખત પડી હતી. વૈષ્ણવના મનમાં ઘણો તાપ થયા કરતો કે મારા પ્રભુને બહુ શ્રમ પડે છે. પણ શું થાય? કંઇ ઉપાય જડતો ન હતો.

એક દિવસ એક મોટુ ગુલાબનું ફૂલ મળી આવ્યું. ઘરમાં માટીનું પાત્ર હતું. શ્રીઠાકોરજીને અનોસર કરતી વખતે એ માટીના પાત્રમાં જલ ભરીને ગુલાબનું ફુલ એમાં મૂકી દીધું. શ્રીઠાકોરજીએ ગુલાબ જલ માનીને એનો અંગીકાર કર્યો અને શ્રીગુંસાઇજીને કહ્યું કે આપના એક સેવકે મને એવું ''ઉતમોત્તમ'' ગુલાબ જલ ધર્યું છે કે એવું મે આજ સુધી હજુ ક્યાંય જોયું નથી.

ગુલાબનું ફુલ, જલ અને અગ્નિ ત્રણ મળે ત્યારે ગુલાબજલ બને પરંતુ અહીં બે વસ્તુ જ હતી. જલ અને ગુલાબનું ફુલ. તેમાં વૈષ્ણવના હૃદયનો પ્રબળ વિરહતાપ ભળ્યો. એટલે લૌકિક ને બદલે

અલૌકિક ગુલાબજલ બની ગયું.

આમ, સેવામાં નિષ્કામ તાપભવાની જરૂર છે. આ તાપભાવથી સાચું દૈન્ય પ્રગટે છે. તેનાથી શ્રીઠાકરોજી પ્રસન્ન થાય છે. સેવામાં સાધન-સંપત્તિ અનિવાર્ય નથી.

તેથી જેની પાસ જે સગવડ હશે એ જ તો તે ભોગ ધરશે. એટલા માટે જ શ્રીગોપીનાથજી એ કહ્યું છે કે ''દેશ-કાલ-વિભૂતીનામ્ અનુસારેણ સેવનમ્'' અને શ્રીમહાપ્રભુજીએ પણ જે કાંઇ જે દેશ-કાલમાં ઉપલબ્ધ છે. ફક્ત તેનો જ વિનિયોગ સેવામાં કરવો આવી સમજણ 'નિબંધ' માં આપી છે.

ભગવત્સેવામાં સમર્પિત કરવાની વસ્તુઓની બાબતમાં જો કોઇ એક ચોક્કસ સિદ્ધાંત બનાવી દેવામાં આવે કે ભગવત્સેવા તો આટલી-આટલી વસ્તુઓથી જ થશે. નહીંતર સેવા નહી થાય, ત્યારે તો સેવાનું સ્વરૂપ તો કઠોર બનશે જ પણ સાથે સાથે આપણા પ્રભુનું પણ સ્વરૂપ આનંદાત્મક નહી રહી જાય.

આપણી જે પણ વસ્તુનો ઉપયોગ પ્રભુની સેવામાં સહજ રીતે થઇ શકતો હોય, જેનો વિનિયોગ પ્રભુની સેવામાં કરવાથી આપણો ભાવ વધતો હોય, જેના વિનિયોગથી પ્રભુના સુખનો વિચાર વધતો હોય, તેનો વિનિયોગ પ્રભુ સેવામાં કરવો જોઇએ.

મારે કંઇક કહેવું છે.

ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી અને શ્રીગુસાંઇજીની તેમજ આપશ્રીની કૃપાથી હું નિયમિત પાઠશાલામાં જાઉં છું.

વ્હાલા વૈષ્ણવમિત્રો, આપણે તુલસીમાળાનું મહત્વ સમજવું જોઇએ. બ્રહ્મસંબંધ લેતી વખતે શ્રીગુરૂદેવ આપણને તુલસીની કંઠી આપે છે અને એ કંઠી વૈષ્ણવે રોજ પહેરવી જોઇએ.

વૈષ્ણવે પોતાની કંઠીનું રક્ષણ કરવું જોઇએ. પ્રાણ જાય પણ પોતાનું ધ્યેય ન છોડવું જોઇએ. શ્રીગોકુલનાથજી માલા-તિલકના રક્ષણહાર હતા. વૈષ્ણવ થયા પછી ગળામાં કંઠી નથી તેની વૈષ્ણવતા રહેતી નથી. જેમ જનોઇ વગર બ્રાહ્મણ એક ક્ષણ પણ રહે તો તેને દોષ લાગે છે તેવી જ રીતે વૈષ્ણવને પણ લાગે છે માટે વૈષ્ણવે તુલસીની માળા કંઠમાં ધારણ કરવી જોઇએ.

તેથી શાસ્ત્રોમાં કહેવાયું પણ છે. જેમના કંઠમાં તુલસીની માળા નથી તેઓ મૂઢ માણસ છે. એનું અન્ન વિષ્ટા સમાન છે, જળ મુત્ર સમાન છે અને અમૃત લોહી સમાન છે. માટે વૈષ્ણવે તુલસીની કંઠીનો ત્યાગ ન કરવો જોઇએ.

સ્કંદપુરાણમાં કહ્યું છે કે જે કોઇ તુલસીકાષ્ટની માળા ધારણ કરે છે તેને હું દ્વારકા યાત્રા જેટલું ફલ આપું છું. તુલસી માળા ધારણવાદનો ગ્રન્થ શ્રીપુરૂષોત્તમજી મહારાજે લખ્યો છે. તુલસીની માળાથી ભગવદ્પ્રાપ્તિ થાય છે.

યજ્ઞોપવિતની માફક આઠે પહોર તુલસીની માળા ધારણ કરવી જોઇએ. તેથી અશુદ્ધ નહી રહે. કારણ કે તુલસીની માળા બ્રહ્મરૂપ છે. તેથી કોઇ વખત પણ તુલસીની માળાનો ત્યાગ કરવો નહી. એક ક્ષણવાર પણ જો ત્યાગ કરે તો તે વૈષ્ણવ વિષ્ણુનો દ્રોહી બને છે, એમાં કોઇ સંશય નથી.

તુલસીની કંઠી માટે પઠાણ જેવા વૈષ્ણવ બન્યા પછી શિરચ્છેદ કરાવવા તૈયાર થઇ ગયા પણ માળા ન ઉતારી. બાદશાહે કંઠી તોડી નાખવાનો હુકમ કર્યો હતો પણ તેની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા જોઇ બાદશાહ એને સત્યવાદી અને અચળ શ્રદ્ધાવાળો જોઇ પ્રસન્ન થઇ ગયો અને છોડી મૂકયો. પોતાની ચાકરીમાં રાખ્યો. આ પઠાણ પુત્ર એટલો ટેકીલો હતો અને શ્રીગુસાંઇજીનો કૃપાપાત્ર હતો. આપણે સૌએ તુલસીમાળાનું મહત્વ રાખીને હંમેશને માટે ધારણ કરવી જોઇએ.

હિમાંશી રાજાણી ,
શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા, સમઢીયાળા (ગીર)

श्रीमद्भागवतम्
कृष्णस्तु
भगवान्
स्वयम्

જાણો અને જીવો

શ્રીમદ્ભાગવત

સંકલન : વિમલભાઇ ભટ્ટ

દશમા સ્કન્ધમાં સત્યાસી અધ્યાયોથી નિરોધનું નિરૂપણ કર્યુ. તામસ, રાજસ અને સાત્ત્વિક એવા ત્રણે પ્રકારના ભક્તોનો આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક એવા ત્રણ પ્રકારનો નિરોધ જણાવવા એ અધ્યાયો કહેલા છે. આવો નિરોધ થયા પછી જ તેઓની સ્વરૂપમાં સ્થિતિ એટલે કે મુક્તિ થાય. તેથી નિરોધ એ કારણ અને મુક્તિ એ તેનું કાર્ય છે.

હવે અગિયારમાં સ્કન્ધમાં એકત્રીસ અધ્યાયોથી સ્પષ્ટ રીતે મુક્તિનું નિરૂપણ કરવામાં આવે છે. ‘‘મુક્તિ એટલે અન્યથારૂપ (ધારણ કરેલા જુદા સ્વરૂપ)નો ત્યાગ કરી પોતાના મૂલ સ્વરૂપમાં સ્થિર થવું તે મુક્તિ’’

મુક્તિનું એકત્રીસ અધ્યાયોથી નિરૂપણ થયું છે. મુક્તિ બે પ્રકારની છે. જીવની મુક્તિ અને ઇશ્વરની મુક્તિ. જીવની મુક્તિ પણ બે પ્રકારની છે. ૧. બ્રહ્મભાવ   ૨. સાયુજ્ય

ઇશ્વરની મુક્તિ પણ બે પ્રકારની છે.

૧. પોતે જે વેષ(નાટ્ય) ભજવતા હોય તેના ત્યાગરૂપી

૨. પોતાની ઇચ્છાથી અથવા (નિત્ય મુક્ત સ્વભાવવાળા હોવાથી) પોતાથી થતી.

તેથી મુક્તિ કુલ ચાર પ્રકારની થઇ તેથી આ સ્કન્ધમાં ચાર પ્રકરણ છે.

પ્રકરણ -૧ જીવની બ્રહ્મભાવરૂપ મુક્તિ :

જીવની બ્રહ્મભાવરૂપ મુક્તિ આ સ્કન્ધના પહેલા પાંચ અધ્યાયોથી કહેલી છે. આ મુક્તિ વિદ્યાથી એટલે કે જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. તેના નિરૂપણમાં જ્ઞાન આપનાર દશ કહેલા છે. તે પૈકી નારદ નિર્ગુણ અને નવ યોગેશ્વરો સગુણ છે.

પ્રકરણ -૨ જીવની સાયુજ્ય મુક્તિ :

જીવની સાયુજ્યરૂપ મુક્તિ છઠ્ઠાથી ઓગણત્રીસ સુધીના ચોવીસ અધ્યાયોથી કહેલી છે. આ મુક્તિ ભક્તિથી પ્રાપ્ત થાય છે. તેના નિરૂપણમાં ભક્તિના સાધનોનો બોધ કરનાર ભગવાન ઉત્તમ છે. જેમાં ભગવાન તથા ઉદ્ધવજીનો સંવાદ કહેલો છે.

પ્રકરણ - ૩ ઇશ્વર પોતે જે વેષ(નાટ્ય) ભજવતા હોય તેના ત્યાગરૂપ

મમતાનો નાશ થાય તે માટે પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ અને સંકર્ષણે દેહનો ત્યાગ કરી તેમણે આરંભેલા નાટ્યને સંકેલી લે છે એમ અધ્યાય ત્રીસમાં જણાવેલું છે. જે ત્રીજા પ્રકારની મુક્તિનું વર્ણન થયેલું છે.

પ્રકરણ - ૪ ઇશ્વરની પોતાની ઇચ્છાથી અથવા (નિત્ય મુક્ત સ્વભાવવાળા હોવાથી) પોતાથી થતી મુક્તિ

એકત્રીસમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણે પોતાની ઇચ્છાથી પોતાના મૂલ સ્વરૂપમાં સ્થિતિ કર્યાનું (શ્લોક ૧૧,૧૨,૧૩) કહી ચોથા પ્રકારની મુક્તિનું નિરૂપણ કરેલું છે.

(શ્રીમહાપ્રભુજી રચિત નિબંધ અંતર્ગત ભાગવતાર્થ પ્રકરણના આધારે)

બાલવિભાગ

ધોળ - શોભા સલુણા શ્યામની....

શોભા સલુણા શ્યામની તું જો ને સખી,
શોભા સલુણા શ્યામની,
કોટિ કંદર્પને લજાવે એનું મુખડું,
ફીકી પડે છે કળા કામની .... તું જોને
સદ્‌ગુણ સાગર નટવર નાગર,
બલિહારી જાઉં એના નામની...તું જોને
કોટિ આભૂષણનું એરે ભુષણ,
સીમા તું છે એ અભિરામની.... તું જોને
જે ઓળખે તેને સાર એ સર્વનો,
બીજી વસ્તુ નથી કામની....તું જોને
અનુપમ એ અલબેલો રસિયો,
જીવન મુડી ‘દયારામ’ની....તું જોને

* * *

બાલમિત્રો નીચેના કીર્તનમાં ખૂટતા યોગ્ય શબ્દો નીચે આપેલ કૌંસમાંથી મૂકી કીર્તન પૂર્ણ કરો અને મુખપાઠ કરો.

(દાસી, રાનીજીકે, અતિરસભર, મંડલમેં, પુલિન, વિહરત, લાડીલીવર, પરમ, નંદકુમાર, દીન, શ્રીયમુનાજી, ગોપીનકી, ચરણશરણ, ગિરિધારી,રાસવિલાસી, કુંજનદ્રુમ, સુવાસી, જલક્રીડા, ભુવનકાજ, નંદનંદન)

.... જાન મોહિ દીજે .... ॥
.... સદાવર માંગો .... કી દાસી મોહિ કીજે ॥૧॥
તુમતો .... ઉદાર કૃપાનિધિ .... સુખકારી ॥
તિહારે વશ સદા .... તવ તટ ક્રીડત .... ॥૨॥
સબ વ્રજજન .... સંગ મિલ અદ્ભુત .... ॥
તુમારે .... નિકટ .... કોમલ શશી .... ॥૩॥
જ્યોં .... ચંદ બિરાજત ભરભર છિરકત નારી ॥
શ્રમજલ હસત ન્હાત ...., ... સુખકારી ॥૪॥
.... કે મંદિરમેં નિત ઉઠ પાય લાગ .... સબ કીજે ॥
પરમાનંદદાસ .... વ્હે .... સુખ દીજે ॥૫॥

બાલવિભાગ

- ૮૪ વૈષ્ણવ વાર્તા પ્રસંગોના આધારે નીચે આપેલા વૈષ્ણવ માથે શ્રીમહાપ્રભુજીએ ક્યા સેવ્ય સ્વરૂપ સેવા માટે પધરાવી આપેલા તે શોધો.

વૈષ્ણવનું નામ	સેવ્યસ્વરૂપ
(૧) પદ્મનાભદાસજી	....
(૨) જનાર્દનદાસ	....
(૩) ગોરજા-સમરાઇ	....
(૪) ગુસાંઇદાસ	....
(૫) દેવા કપૂર ક્ષત્રી	....
(૬) નારાયણદાસ બ્રહ્મચારી	....
(૭) અમ્મા ક્ષત્રાણી	....
(૮) બાબાવેણુ, કૃષ્ણદાસ	....
(૯) રામદાસ ચૌહાણ	....
(૧૦) નરહરદાસ ગોડિયા	....
(૧૧) નારાયણદાસ લુહાણા	....
(૧૨) જીયદાસ સૂરી	....
(૧૩) ગદાધરદાસ કપિલ	....
(૧૪) રજો ક્ષત્રાણી	....
(૧૫) દામોદરદાસ સંભલવારા	....

ગત માસ જુનના ઉત્તર

પાના નં. ૨૦ કીર્તન પૂર્ણ કરો - ઉત્તર

કૃપા તો **લાલન** જૂ કી ચહિયે ।।
ઈને કરી કરે સો **આછી** અપને **સિરપર** સહિયે ।।૧।।
અપનો દોષ **વિચાર** સખીરી, **ઉનસો** કછુ ન કહિયે ।।
સૂર અબ **કછુ** કહવેકી નાહી, **શ્યામ** શરણ **વ્હે** રહિયે ।।૨।।

શ્રીઆચાર્યજીની કૃપા પામેલ વૈષ્ણવ

હવે, રાજા દુબે-માધોદુબે બંને ભાઇઓને ચરણામૃત આપી લીલારસનો અનુભવ કરાવ્યો તે પ્રસંગને વિસ્તૃત સમજીએ. આ બંને ભાઇઓ એક સાંચારોને ત્યાં જન્મ્યા હતા. તેમના પિતા ખૂબ જ સજ્જન હતા. મર્યાદામાર્ગની રીતથી શ્રીઠાકોરજીની પૂજા કરતા. જો કોઇ સાધુ, સંત કે વૈરાગી તેના ઘરે આવે તો તેને ભૂખ્યા જવા ન દેતા. ખૂબ પ્રેમથી રાખતા અને તેની સેવા કરતા. એકાદશીનું જાગરણ કરતા. એવામાં રાજાદુબે-માધોદુબેના માતાપિતા માંદા પડ્યા, ત્યારે બંને બેટાઓએ કહ્યું કે અમને શ્રીરણછોડજીના દર્શન કરાવો તો સારૂં. ત્યારે બંને ભાઇઓએ એક ડોલી ભાડે કરીને શ્રીઠાકોરજીને સાથે પધરાવીને દ્વારકા આવ્યા. માતા-પિતાને શ્રીરણછોડજીના દર્શન કરાવ્યા. ત્યાં થોડા દિવસોથી શ્રીમહાપ્રભુજી દ્વારકા બિરાજ્યા હતા. આ સમયમાં રાજાદુબે-માધોદુબેના માતા-પિતાની દેહ છુટી સૂતક હોવાથી બંને ભાઇઓ પોતાના મુકામ પર બેઠા રહેતા. પણ સુતકના દિવસો કપાતા ન હતા. ત્યારે બંને ભાઇઓએ કોઇને પુછ્યું કે અહીંયા ક્યાંય કથા વાર્તા ભગવદ્ ચર્ચા થાય છે? ત્યારે તે વ્યક્તિએ કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી પૃથ્વી પરિક્રમા કરી અહિં પધાર્યા છે અને કથા ખૂબ જ સુંદર કરે છે. ત્યારે તે વ્યક્તિને સાથે લઇને બંને ભાઇઓ શ્રીઆચાર્યજી જ્યાં કથા કરતા હતા ત્યાં આવ્યા અને દૂરથી દંડવત કરી દૂર બેઠા. ત્યારે શ્રીમહાપ્રભુજી એ કહ્યું કે આગળ આવીને બેસો. ત્યારે બંને ભાઇઓ બોલ્યા કે મહારાજ સૂતક છે. એટલે દૂર બેઠા છીએ. આપશ્રીએ કહ્યું કે તમે બંને સદા શુદ્ધ છો. અમારી પાસે આવીને બેસો અને કોઇ શંકા હોય તો પૂછજો.

ત્યારે બંને ભાઇ પ્રસન્નતાથી આગળ આવીને બેઠા ત્યારે શ્રીઆચાર્યજીએ નંદમહોત્સવનું વર્ણન શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધના પાંચમા અધ્યાયનું કર્યુ અને નંદાલયની લીલાનો પ્રગટ અનુભવ બંને ભાઇઓને કરાવ્યો. સૂતકના ઊતર્યા બાદ શ્રીમહાપ્રભુજીએ બંને ભાઇઓને બ્રહ્મસંબંધ કરાવીને તેના પિતાના શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી બંને ભાઇઓને માથે પધરાવી આપ્યા અને આજ્ઞા કરી કે બધી જગ્યાએથી મન છોડાવીને નિરોધ કરી ભગવદ્‌સેવા કરો. ત્યારે રાજાદુબે-માધોદુબે એ વિનંતી કરી મહારાજ, નિરોધનું સ્વરૂપ શું છે?

ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું નિરોધના બે પ્રકારો છે. એક સાધન દશાનો નિરોધ અને બીજો સિદ્ધ દશાનો નિરોધ. સાધન દશાના નિરોધનું લક્ષણ એવું છે કે જેમાં સંસાર, લૌકિક વૈદિકમાં મન લાગે નહિ અને એવું મનમાં રહે કે હું ક્યારે ભગવદ્‌સેવા કરૂં? ક્યારે કથાવાર્તા કરૂં? અને તેમાં જ રૂચિ રહ્યા કરે. મન જો લૌકિકમાં જાય તો તેમાંથી ખેંચી સેવામાં લગાવે અને એવું જાણવું કે એક ભગવાનના આશ્રયથી જ બધુ કાર્ય સિદ્ધ થાય છે. આ સાધન દશાનો નિરોધ છે.

ફલ દશાનો નિરોધ એ છે કે જો મનમાં સ્વતઃ સિદ્ધ ભાવ આવે અને શ્રીઠાકોરજીના સ્વરૂપ ના ધ્યાન સિવાય બીજે ક્યાંય જાય નહિ. લૌકિક વૈદિક કાર્ય પણ કરે. પરંતુ મન તો શ્રીઠાકોરજી સિવાય બીજે ક્યાંય જાય નહિં. આ ફલ દશા નો નિરોધ છે.તેને આ સંસારના દુઃખ સુખ અને અનેક તાપ કલેશ લાગે નહિ. મન શ્રીઠાકોરજી અને તેની અનેક લીલા રસમાં મગ્ન રહે આ નિરોધનો પ્રકાર છે. ત્યારે બંને ભાઇઓએ વિનંતી કરી મહારાજ, અમને તો આ બંને પ્રકારના નિરોધ દુર્લભ છે.તો આપ અમને સંસાર સમુદ્રમાંથી ડુબતા બચાવી શરણે લીધા તે પ્રકારે આપ નિરોધનું દાન કરો તો અમને કાંઇક સિદ્ધ થાય. અન્ય પ્રકારે તો અમારૂં સામર્થ્ય નથી. બંને ભાઇઓની દિનતા જોઇને આપશ્રીએ નિરોધ લક્ષણ ગ્રંથની રચના કરી. બંને ભાઇઓને ભણાવ્યો. તમને બંને ભાઇઓને નિરોધ સિદ્ધ થશે. એમ કહી આપશ્રીએ ચરણામૃત બંને ભાઇઓને આપ્યું. ચરણામૃત લેતા જ બંને ભાઇઓ નું મન અલૌકિક થઇ ગયું અને લીલા રસનો અનુભવ થયો.

આમ, આપશ્રીએ સામેથી કૃપા કરી ચરણામૃત આપી બંને ભાઇઓને લીલારસનો અનુભવ કરાવ્યો.

'શ્રીવલ્લભાધીશ કી જય'

શ્રીભાગવત મહાપુરાણ

સંકલન - શારદાબેન આર. ભુત, નાંદરખી

પ્રશ્ન-૪૧ જીવમાત્રને પુરાણ શું આપે છે? અને તેની વિશિષ્ટતા શું છે?

જવાબ : પુરાણ જીવમાત્રને મોક્ષ આપવા સમર્થ છે અને પુરાણ સર્વોપયોગી (ત્રૈવર્ણિક અને સ્ત્રી, શુદ્ર વગેરે જીવ) માટે ઉપયોગી હોવાથી વિશિષ્ટ છે.

પ્રશ્ન-૪૨ દેહ સ્થાનાપનમાં ક્યો ધર્મ છે? અને શા માટે?

જવાબ : દેહ સ્થાનાપનમાં વૈદિક ધર્મ છે. આમ ધર્મ કરનારને જેટલી દેહની આવશ્યકતા છે તેટલી જ વેદની આવશ્યકતા છે તે માટે.

પ્રશ્ન-૪૩ ગૃહસ્થાનાપનમાં ક્યો ધર્મ છે? અને શા માટે?

જવાબ : ગૃહસ્થાનાપનમાં સ્માર્ત ધર્મ છે અને જેવી રીતે ગૃહ રહિતને ધર્મ સિદ્ધ થતો નથી તેવી રીતે સ્માર્ત ધર્મ વિના દેહાદિના સંસ્કાર થાય નહિં અને તેવા દેહ કર્મને લાયક થાય નહિં તેથી સ્માર્ત ધર્મની જરૂર છે.

પ્રશ્ન-૪૪ ઉપકરણ સ્થાનાપનમાં કયો ધર્મ છે.

જવાબ : ઉપકરણ સ્થાનાપનમાં વૈદિક ધર્મ છે. જેમ ઘર અને દેહ સંસ્કૃત હોય છતાં તે તે પદાર્થોના અભાવમાં પણ ધર્મ સિદ્ધ થતો નથી તેમ પુરાણ વિના પણ સંપૂર્ણ ધર્મ સિદ્ધ થતો નથી.

પ્રશ્ન-૪૫ વેદની જેમ પુરાણમાં કેટલી અને કઇ-કઇ સંહિતાઓ છે?

જવાબ : પુરાણમાં ચાર સંહિતાઓ છે. અને તે સાંખ્ય, યોગ, પશુપતિ મત અને વૈષ્ણવ સિદ્ધાંતનું પ્રતિપાદન કરનાર મન્ત્રરૂપ સંહિતાઓ છે.

પ્રશ્ન-૪૬ મહાપુરાણ અને ઉપપુરાણ કોને કહેવાય?

જવાબ : જે પુરાણ દશ લક્ષણથી યુક્ત હોય તેને મહાપુરાણ કહેવાય અને જે પાંચ લક્ષણ વાળું હોય તે ઉપપુરાણ કહેવાય છે.

પ્રશ્ન-૪૭ બ્રહ્માના દિવસને શું કહેવાય?

જવાબ : બ્રહ્માના દિવસને કલ્પ કહેવાય છે.

પ્રશ્ન-૪૮ તામસ, રાજસ અને સાત્ત્વિક કલ્પમાં કોના કોના દ્વારા સૃષ્ટિ થાય છે?

જવાબ : તામસ કલ્પમાં પરબ્રહ્મરૂપ શિવથી, રાજસ કલ્પમાં પરબ્રહ્મ રૂપ બ્રહ્મામાંથી અને સાત્ત્વિક કલ્પમાં પરબ્રહ્મ રૂપ વિષ્ણુથી સૃષ્ટિ થાય છે.

પ્રશ્ન-૪૯ જીવ ઉત્તમ અધિકારી થાય ત્યારે શું પ્રાપ્ત કરે છે?

જવાબ : જીવ જ્યારે ઉત્તમ અધિકારી થાય ત્યારે તે શ્રીકૃષ્ણની ભક્તિથી નિર્ગુણ મુક્તિને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન-૫૦ પુરાણોની સંખ્યા કેટલી અને કઇ-કઇ છે.

જવાબ : પુરાણોની સંખ્યા ૧૮ (અઢાર) છે અને તે (૧) બ્રહ્મ (૨) પદ્મ (૩) વિષ્ણુ (૪) વાયુ (૫) ભાગવત (૬) નારદ (૭) માર્કન્ડેય (૮) અગ્નિ (૯) ભવિષ્ય (૧૦) બ્રહ્મ વૈવર્ત (૧૧) લિંગ (૧૨) વરાહ (૧૩) સ્કન્દ (૧૪) વામન (૧૫) નૃસિંહ (૧૬) મત્સ્ય (૧૭) ગરૂડ અને (૧૮) બ્રહ્માંડ છે.

આપણા આવનારા ઉત્સવો

સંકલન : વિમલભાઈ ભટ્ટ

અષાઢ સુદ ૧૦ - બેંગન દશમી તા. 03/0૭/૨૦૧૭ - સોમવાર

આજના દિવસે વિવિધ પ્રકારની રીંગણની સામગ્રી કરીને ધરાય છે. જેમકે રીંગણાના સંભારિયા, રીંગણભાત, રીંગણાનું ભરત, રીંગણાના ભુજાના વગેરે, શાસ્ત્રોકત રીતે રીંગણા આરોગાવવાનો આ છેલ્લો દિવસ મનાય છે. પછી ચતુર્માસ પૂરા થયા બાદ ફરીથી રીંગણા આરોગાવામાં આવે છે. પરંતુ શ્રીનાથજીમાં અને શ્રીજગદીશને બારેમાસ રીંગણા ધરવામાં આવે છે. ચોમાસાના ચાર માસ શાસ્ત્રોક્ત રીતે રીંગણા ભોજનાદીકમાં લેવા દોષપૂર્ણ હોવાથી તે વર્જ્ય ગણાય છે.

અષાઢ વદ ૦૧ - શ્રીગોકુલેશજી મહારાજશ્રીનો ઉત્સવ તા. ૧૦/૦૭/૨૦૧૭ - સોમવાર

શ્રીમાધવરાયજી મહારાજશ્રી (જુનાગઢ ગાદીના સ્થાપક)ના પૌત્ર શ્રીવ્રજવલ્લભજી મહારાજશ્રી પોતાના પૌત્ર શ્રીગોકુલેશજીને લાલબાવાના નામથી સંબોધતા. આપશ્રીનું સ્વરૂપ અત્યંત તેજસ્વી હતુ. આપશ્રીની સેવારસિકતા અસાધારણ હતી. પિતૃચરણ શ્રીગોવિંદલાલજી મહારાજ સંવત ૧૯૩૫માં નિત્યલીલામાં પધાર્યા બાદ બધો કાર્યભાર શ્રીગોકુલેશજીએ સંભાળી લીધો હતો. ત્યારે આપશ્રીની ઉંમર 30 વર્ષની હતી.

આપશ્રીએ શ્રીના સેવા સાહિત્યમાં ઘણો જ વધારો કર્યો હતો. લાલબાવાશ્રી ગોકુલેશજીને સરળ ભાવવાળા ખેડૂત વૈષ્ણવો પ્રત્યે ખૂબ જ વાત્સલ્ય હતું.

આપશ્રીના વહુજીનું નામ શ્રીસત્યભામા વહુજી હતું. આપશ્રીને ત્યાં બે સંતાનોનું પ્રાકટ્ય થયું. જેમાં લાલનબાવા બહુ જ થોડા સમય ભૂતલ પર બિરાજી નિત્યલીલામાં પધારેલા તથા એક બેટીજી જેમનું નામ શ્રીદેવકા બેટીજી હતું.

શ્રીગોકુલેશજી મહારાજશ્રીનું ઉદ્દાત જીવન ચરિત્ર સમસ્ત ધર્મનિષ્ઠજનો માટે પ્રેરણાદાયી છે. આપશ્રીની ભગવદ્સેવા પરાયણતા, દીર્ઘદૃષ્ટિ, વૈષ્ણવો પ્રત્યેનો સ્નેહ જેવા અસંખ્ય ગુણોનું સ્મરણ આજે પણ આપણે કરીએ તો, ધન્યતા અનુભવાય છે. એવા ઉજ્જવલ ચરિત્રવાન્ આચાર્યચરણના ચરણોમાં અનેકશઃ વંદન.

અષાઢ વદ ૨ - હિંડોળા પ્રારંભ તા. ૧૧/૦૭/૨૦૧૭ - મંગળવાર

અષાઢ વદ એકમ અથવા બીજથી હિંડોળાનો પ્રારંભ થાય છે. સુરંગ હિંડોળો ડોલ તિબારીમાં સજાવાય છે. બાદ હિંડોળાનું અધિવાસન થાય છે. પછી પ્રભુ હિંડોળામાં પધારે છે. હિંડોળા લીલા કિશોરભાવની લીલા છે. કુંજ-નિકુંજમાં વ્રજભક્તો પોત-પોતાના ભાવથી વિવિધ પ્રકારની હિંડોળાની સજાવટ કરી યુગલ સ્વરૂપને હિંડોળે ઝુલાવે છે. જેમાં વિવિધ રંગોની ઘટાઓ, મોતીના, સોનાના, લતા-પતાઓની કુંજના, દર્પણના વગેરે અનેક પ્રકારની સજાવટ કરવામાં આવે છે. હિંડોળાના દિવસોમાં વિવિધ મનોરથો દ્વારા ગોપીજનોએ યુગલ સ્વરૂપની સેવાનો સ્વતંત્ર આનંદ લીધો છે. તેના અનુસંધાનમં ગોપાલદાસજી વલ્લભાખ્યાનમાં ગાય છે.

“તરૂતમાલ અતિ શોભતા, હેમ જુથીકા સંઘોડ
લલના તે સુભગા લટકતાં, હીંડે તે મોડામોડ.”

શ્રાવણ સુદ ૩ - ઠકુરાણી ત્રીજ તા. ૨૬/૦૭/૨૦૧૭ - બુધવાર

શ્રીમહાપ્રભુજી જ્યારે શ્રીમદ્ ગોકુલ પધાર્યા ત્યારે શ્રાવણ સુદ ત્રીજના દિવસે ઠકુરાણી ઘાટ પર બિરાજ્યા અને દામોદરદાસજીને પૂછ્યું કે અહીં ગોવિંદ ઘાટ કયો અને ઠકુરાણી ઘાટ ક્યો? એટલામાં ત્યાં સાક્ષાત્ શ્રીયમુનાજીએ પ્રકટ થઇને કહ્યું કે આ ગોવિંદઘાટ અને આપની દક્ષિણ તરફ ઠકુરાણી ઘાટ છે. શ્રીયમુનાજીનું દર્શન કરી શ્રીમહાપ્રભુજી ખૂબ જ પ્રસન્ન થયા અને આપશ્રીએ એ વખતે ''શ્રીયમુનાષ્ટકમ્'' દ્વારા શ્રીયમુનાજીની સ્તુતિ-વંદના કરી. તેથી આ દિવસ ''શ્રીયમુનાષ્ટકમ્'' નો પ્રાકટ્ય દિવસ પણ ગણાય છે.

આજના દિવસે શ્રીયમુનાજીના ભાવથી પ્રભુને ચુંદડીના વસ્ત્રો ધરવામાં આવે છે. સાજ, પિછવાઇ વગેરે બધુ ચુંદડીના વસ્ત્રોનું ધરાય છે. આજે પ્રભુ કાચના હિંડોળામાં ઝૂલે છે.

શ્રાવણ સુદ ૮ - શ્રીમાધવરાયજી મહારાજશ્રીનો ઉત્સવ તા. ૩૧/૦૭/૨૦૧૭ - સોમવાર

શ્રીમહાપ્રભુજીથી આઠમી પેઢીએ શ્રીવલ્લભજી મહારાજશ્રીને ત્યાં વિ.સં. ૧૭૯૬ના શ્રાવણ સુદ-૮ના શુભ-દિવસે તૃતીય લાલજી શ્રીમાધવરાયજીનું પ્રાકટ્ય થયેલું હતું. આપશ્રીએ પોતાનું નિવાસ સ્થાન ચિત્તલ (સૌરાષ્ટ્ર)માં સ્થાયી કરેલું. સ્વસેવ્ય શ્રીમદનમોહનલાલજીને સ્વગૃહમાં પધરાવી આનંદપૂર્વક સેવા કરવા લાગ્યા. તે સમયે જુનાગઢના નવાબ મહોબતખાનના દિવાન અમરજીભાઇની વારંવારની ભાવભરી વિનંતી થતા આપશ્રીએ જૂનાગઢમાં નિવાસ કરવાનો વિચાર કર્યો. જૂનાગઢના નવાબે આપના માટે પંચહાટડીમાં સરકારી વંડામાં મુકામની વ્યવસ્થા કરી. ત્યાં વંડામાં રહેતા એક ઝેરીલા ભયંકર સર્પનો ચરણસ્પર્શ દ્વારા ઉદ્ધાર કરી તે જગ્યામાં આચાર્યોચિત સુવિધા સંપન્ન નિવાસ સ્થાન સિદ્ધ કરાવ્યું. પોતાના સેવ્ય શ્રીમદનમોહનલાલજીને શ્રીસ્વામિનીજી સહિત વૈશાખ-વદ ૧૩ના દિવસે નવનિર્મિત સ્વગૃહમાં પાટ પધરાવ્યા.

તે સમયે જુનાગઢમાં એક ગિરનારા બ્રાહ્મણને ત્યાં શ્રીમહાપ્રભુજીના સેવક સિંહનંદના સાસુ-વહુ ગોરજા-સમરાઇના સેવ્ય શ્રીદામોદરલાલજી બિરાજતા હતા. આપશ્રીના વહુજી શ્રીસુભદ્રાવહુજીને સ્વપ્ન દ્વારા શ્રીદામોદર પ્રભુએ આજ્ઞા કરી કે અમારે આપને ત્યાં પધારવું છે. ત્યારે શ્રીમાધવરાયજીએ પોતાના સેવ્ય શ્રીમદનમોહન લાલજીની સાથે શ્રીદામોદર પ્રભુને પધરાવ્યા.

શ્રીમાધવરાયજી તથા શ્રીસુભદ્રાવહુજીએ એ આનંદને સંપૂર્ણપણે માણ્યો અને સદા-સર્વદા એ જ દિવ્ય આનંદ થી પરિપૂર્ણ થઇ ભગવદ્ સેવામાં પ્રવૃત્ત રહ્યા. આપના વંશજોને પણ પ્રભુએ એવા અલૌકિક સુખનું દાન કર્યું. તે આજ સુધિ પ્રસન્નતાથી બિરાજી રહ્યા છે.

શ્રીમાધવરાયજી મહારાજશ્રીને ત્યાં આપશ્રી જુનાગઢ પધાર્યા તે પહેલા શ્રીપુરૂષોત્તમજી નામના લાલબાવાશ્રીનું પ્રાકટ્ય થયું હતું. પરંતુ, બાલ્યાવસ્થામાં જ તેઓશ્રી લીલાસ્થ થયા. તેથી આપશ્રીએ પોતાના કાકાશ્રી બંસીધરજીના પૌત્ર શ્રીવિઠ્ઠલેશજીને ગોદ પધરાવ્યા હતા.

આપશ્રી માધવરાયજી મહારાજે જુનાગઢ-મોટી હવેલી આચાર્યગૃહની સ્થાપના કરી. તેઓશ્રીનું સંપૂર્ણ જીવન ભગવદ્ સેવા પરાયણ હતું, સાથે સાથે આચાર્યોચિત કર્તવ્યના નિર્વાહની પણ વિશેષ સાવધાની આપશ્રીએ રાખી હતી. એવા વિભૂતિ સ્વરૂપ આચાર્યશ્રીના ચરણકમલમાં અનેકશઃ વંદન.

ભક્તો માટે દુઃખ એ પ્રભુની કૃપા છે.

બચુભાઇ ડોબરીયા - મોટા ગુંદાળા

આગ્રામાં હરિચંદ શેઠનું બહું મોટું નામ શરાફીનો ધીકતો ધંધો ધન-સંપત્તીના ભંડાર ભરેલા. બધી વાતે સુખી માત્ર એક જ દુઃખ વારસો સંભાળનાર સંતાન ન હતું. જે મળે તેની આગળ પોતાનું દુઃખ રડે. એક દિવસ દુકાને એક સંત આવ્યા. હરિચંદ શેઠ તેમના સત્સંગનો લાભ લેવાને બદલે સંતાન ન હોવા ના દુઃખને રડ્યા. સંતે સ્વસ્થ ચિત્તે કહ્યું કે ભગવાનની ઇચ્છા વિના કશું બનતું નથી. દેવ દેવી ભગવાનની ઇચ્છા વિના કંઇ પણ આપવા લાચાર છે. ભગવાનની ઇચ્છાને કોઇ ફેરવી શકે તો તે ભગવાનના ભક્તો છે. ભક્તના આશીર્વાદ મળે તો તમારૂં કામ થાય. હવે હરિચંદ શેઠે કહ્યું કે ભક્તના આશિષ મેળવવા હું શું કરૂં? સંતે કહ્યું કે એક સદાવ્રત ખોલો વિરકત સાધુ-સંન્યાસી આવે તેમને આદર-સત્કાર આપજો પ્રેમથી ભોજન કરાવજો. હરિચંદ શેઠને પૈસાનો તોટો ન હોતો. દીકરાની ભૂખ હતી. ડૂબતો માણસ તણખલું પકડે એમ હરિચંદ શેઠે સંતની આજ્ઞાનો સ્વીકાર કરી લીધો. ઘેર જગ્યાની છુટ હતી. કામ કરવા ઘણા માણસો હતા. પોતાના જ મકાનના એક ભાગમાં તાબડતોબ સદાવ્રત શરૂ કર્યું. આગ્રામાં આવતા બ્રાહ્મણ સાધુસંત વૈરાગી વિરક્ત-સૌને પ્રેમથી બે ટંક ભોજન કરાવે. જે સીધુ સામાન માગે તેમને સીધુ સામન આપવામાં આવતું. હરિચંદ શેઠ જાતે સૌને આગ્રહ કરીને ભોજન કરાવતા પોતાના હાથથી સીધુસામાન આપતા. હવે આ વાતને થોડા મહિના વીત્યા છે. તેમના પત્નીને સારા દિવસો રહ્યા. હરિચંદ બહુ રાજી થયા. સંતના આશીર્વાદ ફળ્યા. તેઓ પુત્રના પિતા બન્યા. સંતની સલાહથી ભક્તજનોની સેવા કરી એમના આશીર્વાદથી પુત્ર થયો આવું જ્ઞાન હૃદયમાં રમતું હતું. એટલે દીકરાનું નામ જ્ઞાનચંદ રાખ્યું.એ સમયમાં સંતાનના વિવાહ નાની ઉંમરમાં થઇ જતાં. જ્ઞાનચંદ(૧૪) વર્ષનો થયો એટલે પિતા હરિચંદે યોગ્ય કન્યા શોધી એના લગ્ન કર્યા. હજી વહુ ઘેર આવે તે પહેલા તો જ્ઞાનચંદના માતાપિતા હરિચરણ થઇ ગયા. મોટું ઘર સામસામે થઇ ગયું. જ્ઞાનચંદને તે ખાવા ધાતું હોય એવું લાગવા માંડ્યું. જ્ઞાનચંદના સસરાએ દીકરીને પહેલા આણે મોકલવા તૈયારી કરી. ત્યાં તો એમની દીકરી પણ હરિશરણ થઇ ગઇ. પરણેલા જ્ઞાનચંદ કુંવારા જ રહી ગયા. તેના મનમાં આઘાત લાગ્યો. ઘણું દુઃખ થયું. હવે સગાં સંબંધીઓએ સુચન કર્યું. ભાઇ જે થવાનું હતું તે થઇ ગયું. તમારા દુઃખીમનને સ્વસ્થ કરવાનો એક જ રસ્તો છે કે કથાવાર્તામાં મન પરોવો. જ્ઞાનચંદને સૂચન યોગ્ય લાગ્યું. આગ્રામાં જ્યાં કથા વાર્તા થતી હોય ત્યાં તે સાંભળવા જવા લાગ્યા. ધીમે ધીમે મન શાંત બનતું ગયું. એક દિવસ એક વૈષ્ણવ જ્ઞાનચંદની દુકાને આવ્યા. વૈષ્ણવે જ્ઞાનચંદ શેઠને કહ્યું કે શેઠ કથાકાર તો ઘણાં છે. ભગવાનની વાર્તા કરનારાનો તોટો નથી. મીઠાઇ તો ઘણી હોય. પરંતુ બધી મીઠાઇ સરખી ન હોય. તેમ બધી કથાવાર્તા પણ સરખી ન હોય. ખારા કુવાનું પાણી અને મીઠા સરોવરનું પાણી બંને પાણી ખરા પણ સ્વાદ અલગ. એમાંય અમૃતનો સાગર હોય તો એ અમૃતજળની તો વાત જ ન થાય. એવું કથાવાર્તાનું છે. ઉત્તમ કથાકાર મળી જાય તો મન ભગવાનમાં પરોવાય જાય પછી સંસારનું દુઃખ આપણને પરેશાન ન કરે ત્યારે જ્ઞાનચંદે કહ્યું કે ભાઇ તમારા ધ્યાનમાં એવા કોઇ કથાકાર એવી કોઇ જગ્યા હોય તો બતાવો? વૈષ્ણવે કહ્યું કે આપણા આગ્રામાં સંતદાસજી નામના પરમ વૈષ્ણવ છે. કથા કરવી એ એમનો વ્યવસાય નથી. પરંતુ રોજ રાત્રે તેમના ઘરે તેઓ શ્રીઠાકોરજીની કથાવાર્તા કરે છે. ઘણા વૈષ્ણવો સાંભળવા જાય છે. હું જઉં છું એ કથા વાર્તાની તોલે બીજી કોઇ કથા ન આવે. મારે તો એ અનુભવ છે. તમે જાતે જ અનુભવ કરોને. હા હા, એ સંતદાસજીને તો હું

જાણું છું. બજારમાં બપોરે બે-ત્રણ કલાક બેસે છે. કોડીઓની ઢગલીઓ કરી રાખે છે. પોતે તો પુસ્તક વાંચ્યા કરતા હોય છે. જે માણસને પરચુરણ જોઇએ તે રૂપિયો મુકી કોડીની એક ઢગલી લઇ જાય છે. ભગવાનના સાચા ભક્તછે. એ જ સંતદાસજીની વાત કરો છો ને? - હા, એ જ સંતદાસજી છે. શ્રીવલ્લભાચાર્યજીના કૃપાપાત્ર વૈષ્ણવ છે. તેઓ વલ્લભીય વૈષ્ણવ સિવાય બીજા કોઇને પોતાના ઘેર આવવા દેતા નથી અને બીજાની સાથે સંબંધ પણ રાખતા નથી. એમના ઘેર કથા સાંભળવી હોય તો તમારે પાછા વૈષ્ણવ થવું પડે. વલ્લભીય વૈષ્ણવ કેવી રીતે બનાય એ માટે શું કરવું પડે? વૈષ્ણવે કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર શ્રીગુસાંઇજી જેમનું મુળ નામ શ્રીવિઠ્ઠલનાથજી છે. તેઓ શ્રીગોકુળમાં બિરાજે છે. તેઓ સાક્ષાત્ શ્રીકૃષ્ણનો જ અવતાર છે. અનેકને એવો અનુભવ છે. તમે ગોકુળ જઇને તેમના સેવક બનો. તો જ સંતદાસજીના ત્યાં કથા વાર્તા સાંભળવા આવી શકો. ભલે ગોકુળ તો નજીક છે કાલે જ જઇ આવું.

હવે જ્ઞાનચંદ ખર્ચ માટે થોડાક રૂપિયા સાથે લઇ બીજા જ દિવસે ગોકુળ ગયા યોગાનું યોગ તે દિવસ માગસર વદ(૯) નો તે દિવસે શ્રીગુસાંઇજીનો જન્મદિવસ હતો. આખા ગોકુળ ગામમાં આનંદ ઉત્સવ થઇ રહ્યો હતો. દરેક ઘર શુકનવંતા તોરણો બંધાયા હતા. ગલી ગલીમાં સ્ત્રીઓ મંગળગીત ગાતી નાચતી કુદતી હતી. સૌ વૈષ્ણવો શ્રીગુસાંઇજીના મંદિર તરફ જઇ રહ્યા હતા. જ્ઞાનચંદ પણ સૌની પાછળ પાછળ પહોંચ્યા. મંદિર ના વિશાળ ચોકમાં શ્રીગુસાંઇજીને કેસર સ્નાન થઇ રહ્યું હતું. કેસર સ્નાન પછી શ્રીગુસાંઇજી પોતાના શ્રીહસ્તેથી કેસરી ધોતી ઉપરણો ધારણ કરતા હતા. તે જ વખતે જ્ઞાનચંદને કહ્યું કે અરે જ્ઞાનચંદ આગ્રાથી ક્યારે આવ્યા? જ્ઞાનચંદને આશ્ચર્ય થયું કે હું એમને કદી મળ્યો નથી. આજે જ જોઉં છું. છતાં મને નામ દઇને બોલ્યા છે. ઇશ્વર વિના આશક્તિ કોઇ માણસની ન હોય વૈષ્ણવની વાત સાચી શ્રીગુસાંઇજી શ્રીકૃષ્ણનો જ અવતાર છે. જ્ઞાનચંદે હાથ જોડી કહ્યું કે મહારાજ બસ હજી ચાલ્યો જ આવું છું. મને આપનો સેવક કરો.

શ્રીગુસાંઇજીએ હરિદાસ ખવાસ પાસે કેસર સ્નાન ચરણોદક મંગાવી જ્ઞાનચંદને આપ્યું એટલે જ્ઞાનચંદે તે જળ મોંમા મુકી આંખે હૃદય અને મસ્તકે લગાડ્યું. તે સાથે જ જ્ઞાનચંદને શ્રીગુસાંઇજીના અલૌકિક સ્વરૂપના દર્શન થયાં. શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્યચક્ષુ આપી વિરાટ દર્શન કરાવ્યા હતાં. તેમ શ્રીગુસાંઇજીની કૃપાથી જ્ઞાનચંદના અંતઃકરણના ચક્ષુ ખૂલી ગયા. જ્ઞાનચંદે ફરી વિનંતિ કરી કે મહારાજ, કોણ જાણે કેટલા જન્મોથી તમારાથી વિખુટો પડી ગયો હતો. આજે ફરીથી આપના આ ચરણાવિંદ પામ્યો છું. માટે હવે વિલંબ ન કરતા મને જલ્દી સેવક કરો. શ્રીગુસાંઇજીએ જ્ઞાનચંદને નામ નિવેદન કરાવી સેવક કર્યા. જ્ઞાનચંદને શ્રીમહાપ્રભુજીના અને પોતાના બધ ગ્રંથો આપ્યા. થોડા દિવસ પોતાની પાસે ગોકુળમાં રાખ્યા. પછી આગ્રા જવાની રજા આપી. જ્ઞાનચંદ આગ્રા આવી દરરોજ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના ગ્રંથોના પાઠ કરતા સાથે સાથે શ્રીગુસાંઇજીના જન્મદિવસના ઉત્સવના જે દર્શન નજરોનજર કર્યા હતા એનું સ્મરણ-ચિંતન કરતા ભગવતસ્મરણના લીલારસમાં મગ્ન રહેતા સંતદાસજીનો રોજ સત્સંગ પણ કરતા શ્રીગુસાંઇજી જ્યારે આગ્રા પધારતા ત્યારે જ્ઞાનચંદને ત્યાં મુકામ કરતા.

આમ હવે ઘણા વર્ષો વીત્યા જ્ઞાનચંદનો દેહ અશક્ત થયો. અંત સમય આવ્યો જાણી તેમણે એક વૈષ્ણવને કહ્યું કે મને ગોબરથી લીપેલી ભૂમિ પર સુવાડો. ભૂમિ શયન કર્યા પછી જ્ઞાનચંદે આજુબાજુ બેઠેલા વૈષ્ણવોને વિનંતી કરી કે આપ સૌ મારા ઉપર કૃપા કરી મને ભગવાનનું નામ સંભળાવો. ત્યારે એક વૈષ્ણવ રાસ પંચાધ્યાયીનો પાઠ કરવા લાગ્યા એ પૂરો થતાં બીજા વૈષ્ણવે વેણુગીત ગાયું. ત્રીજા વૈષ્ણવ યુગલગીત ગાયું. ચોથા વૈષ્ણવ શ્રીજયદેવજી રચિત ગીત ગોવિંદનો પાઠ કરવા લાગ્યા. પછી સૌ વૈષ્ણવો અષ્ટસખાના કીર્તનો ગાવા લાગ્યા. આમ રાતદિવસ જ્ઞાનચંદની પાસે બેસી વારા ફરતી વૈષ્ણવો ભગવદનામ-કીર્તનો કરતા રહ્યા. જ્ઞાનચંદ અતિ

આનંદથી તેમના મનમાં તે તે લીલાનું ચિંતન કરતા રહ્યા. જ્ઞાનચંદનો અંતકાળ તદ્દન પાસે આવ્યો. ત્યારે જ્ઞાનચંદે વૈષ્ણવોને કહ્યું કે વૈષ્ણવો સાંભળો. શ્રીગુસાંઇજીના જન્મ-દિવસનો પ્રસંગ છે. શ્રીગુસાંઇજીએ કેસર સ્નાન કર્યું. પછી પોતાના હસ્તથી કેસરી ધોતી ઉપરણો ધર્યા. તે વખતે હું ત્યાં જઇ પહોચ્યો. મેં સાષ્ટાંગ દંડવત કર્યા. શ્રીગુસાંઇજીએ હરિદાસ ખવાસ પાસે સ્નાનનું જળ મંગાવી મને ચરણોદક આપ્યું. શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે તું આગ્રાથી ક્યારે આવ્યો? મેં કહ્યું મહારાજ, હું ચાલ્યો જ આવું છું. આટલું કહેતા કહેતા જ્ઞાનચંદના હૃદયમાં શ્રીગુસાંઇજીનું સ્વરૂપ પ્રકટ થયું. વાણી અટકી ગઇ. ધ્યાન મગ્ન સ્થિતિમાં તેમણે હાથ જોડી સૌ વૈષ્ણવોને ભગવદ સ્મરણ કર્યા. તે સાથે જ તેમની આંખ સદા માટે મીંચાઇ ગઇ. બીજા દિવસે આગ્રાથી એક વૈષ્ણવ ગોકુલ ગયા હતા તેમણે ગોકુલમાં શ્રીગુસાંઇજી પાસે જ્ઞાનચંદને દંડવત્ કરતા જોયાં શ્રીગુસાંઇજી જ્ઞાનચંદને પૂછતા હતા કે તમે ક્યારે આવ્યા. જ્ઞાનચંદે કહ્યું કે હું હમણાં આવ્યો. એટલામાં શ્રીનવનીતપ્રિયજીના દર્શન ખૂલ્યા. જ્ઞાનચંદ દર્શન કરતા જ નિત્ય લીલામાં અંતર્ધાન થઇ ગયા. જ્ઞાનચંદજી આવા ભગવદીય હતા (સિદ્ધાંત નવનીત) આ વાતનો સાર સમજાવતા શ્રીહરિરાય પ્રભુ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે -

(૧) લૌકિક વ્યવહારોમાં અને જીવનમાં જ્યારે પણ વધુ પડતો ક્લેશ થાય ત્યારે સમજવું કે શ્રીઠાકરોજીએ આપણો અંગીકાર કરવા માટે એ લીલા કરી છે. શ્રીઠાકોરજી જેના ઉપર કૃપા કરી પોતાના સ્વરૂપનું દાન આપવા ઇચ્છે છે એ જીવને લૌકિકમાં આસક્તી ન રહે તે માટે દુઃખનું દાન આપે છે. ભક્તો માટે તો દુઃખ પ્રભુની દયાનું દાન છે. શ્રીમહાપ્રભુજીએ આ વાત નવરત્ન ગ્રંથમાં પણ સમજાવી છે. ભક્તનો સ્વભાવ જ પ્રભુમાં એવો રચ્યો પચ્યો હોય છે કે લૌકિક દુઃખો એમના દેહ મન કે આત્માને પીડા આપી શકતા નથી. લૌકિક દુઃખોનો ભક્તોને વિચાર જ હોતો નથી. ઘણા ૮૪-૨૫૨-ભગવદીયોને તેઓ વૈષ્ણવ બન્યા એ પહેલા અને પછી સ્વજનો ગુમાવવા જેવા ઘણા લાકિક દુઃખો આવ્યા હતા. ભગવદીયો કહે છે કે જેને લૌકિકમાં વધારે દુઃખ આવે એનો આ છેલ્લો જન્મ છે એમ સમજવું. દુઃખો આપીને પ્રભુ એના જન્મ જન્માંતરોના બધા દોષો ભોગવાવી લેતા હોય છે. માટે અહિં જ્ઞાનચંદ શેઠના માતા-પિતા અને પત્નીનું અવસાન કરાવી શ્રીઠાકોરજીએ જ્ઞાનચંદ શેઠનું મન પોતાના ચરણકમલમાં લગાડી દીધું. જો તેમનો બધો પરિવાર જીવતો હોત તો જ્ઞાનચંદ શેઠનું મન લૌકિકમાંથી છુટી શક્યું ન હોત.

(૨) શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના ગ્રંથો તેમના વાણી સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી અલૌકિક છે. તેમ તેમના ગ્રંથો પણ અલૌકિક અને ફલાત્મક છે. જે વૈષ્ણવો તે ગ્રંથોનો નિત્ય શ્રદ્ધાપૂર્વક પાઠ કરે છે તેમને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીની કૃપા અવશ્ય પ્રાપ્ત થાય છે. તેઓ લીલા રસમાં મગ્ન રહી શકે છે. પછી તેમને સંસારના દુઃખ બાધા કરતાં નથી. માટે સૌ વૈષ્ણવોએ નિયમપૂર્વક ષોડશગ્રંથ આદીનો પાઠ કરવો જોઇએ અને વૈષ્ણવો સાથે બેસવાનું થાય ત્યારે લૌકિક વાતો ન કરવી. આપણી નરમ તબિયત જોવા વૈષ્ણવ આવ્યા હોય તો દુઃખનાં રોદણા રડવાને બદલે તેમને ભગવદ્નામ લેવા કહેવું અને શ્રીઠાકોરજી શ્રીવલ્લભકુળ પરિવાર વગેરેનો જીવનમાં જે જે સુખદ અનુભવ થયો હોય એનું મનમાં રટણ-ચિંતન કરતા રહેવું. આમ આપણું મન પ્રભુમાં પરોવેલું રાખવું. ભગવદ્નામમાં જીવનો ઉદ્ધાર કરવાની દિવ્ય શક્તિ છે. પ્રભુ પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યારે તેમના સ્વરૂપથી જીવનો ઉદ્ધાર કરે છે. પ્રભુ પ્રત્યક્ષ ન બિરાજતા હોય ત્યારે તેમના નામ, કથાથી પરોક્ષ રીતે જીવનો ઉદ્ધાર કરે છે. માટે આપણે ભગવદ્નામ જાતે લેવું અને બીજા પાસેથી સાંભળવું. ભગવદ્નામની ટેવ પડી હશે તો અંતકાળે પણ એ ટેવ કામમાં આવશે. આપણે શ્રીહરિરાય પ્રભુને દંડવત્ કરીએ અને શ્રીવલ્લભના શરણમાં રહિયે.

પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠની વાર્ષિક પરીક્ષા - ૨૦૧૭

૧૧ જુન ૨૦૧૭ - રવિવારનો દિવસ પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠની પ્રથમ પરીક્ષાનો વિશિષ્ટ દિવસ હતો. સવારે ૭ વાગે મોટી હવેલીથી પરીક્ષા લેવા માટે પરીક્ષા નિરીક્ષકોની ટીમ જુદા જુદા કેન્દ્રો માટે રવાના થઇ. પરીક્ષા માટે કુલ ૧૫ કેન્દ્રો નિર્ધારિત હતા. પુષ્ટિસંસ્કાર સંસ્થાનમાંથી એક એક કેન્દ્રીય નિરીક્ષક જે તે કેન્દ્રના પેપર્સ લઇને તે તે પરીક્ષા કેન્દ્ર પર સવારે ૯ વાગ્યા પહેલા પહોંચી ગયા. ત્યાં ૫ થી ૬ સ્થાનિક સહયોગી કાર્યકર્તાઓની ટીમ સાથે જોડાઇ અને પરીક્ષાની તૈયારીઓ શરૂ થઇ. વિવિધ વિદ્યાલયના સંચાલકોનો ખૂબ જ ઉત્સાહવર્ધક સહયોગ મળ્યો. ૧૦ વાગે મંગલાચરણના સમૂહ ગાન સાથે ‘પુષ્ટિસિદ્ધાન્તપ્રવેશ’ પરીક્ષાનો પ્રારંભ થયો. પરીક્ષા સમ્બન્ધી બધી સૂચનાઓ નિરીક્ષકો દ્વારા પરીક્ષાર્થીઓને આપવામાં આવી. અત્યન્ત એકાગ્રતા અને અન્તરના ઉત્સાહ સાથે પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી રહ્યા હતા. અનેક પરીક્ષાર્થીઓને પોતાનું વિદ્યાર્થીકાલનું સ્મરણ થઇ આવ્યું, તો હાલમાં વિદ્યાર્થીકાલમાં રહેલા યુવા પરીક્ષાર્થીઓને પુષ્ટિસિદ્ધાન્તોને સમજવાનો આજની સ્કૂલ કોલેજની પદ્ધતિ અનુસાર અવસર મળ્યો તેનો અનેરો આનન્દ અનુભવાઇ રહ્યો હતો.

❖ કાર્યકર્તાઓની સન્નિષ્ઠ સહભાગિતા

પરીક્ષા કાર્યક્રમના વ્યવસ્થિત સંચાલન માટે જે તે સ્થાનનાં પુષ્ટિસંસ્કાર પરિવારના સભ્યો, પુષ્ટિસંસ્કાર પાઠશાલાના સંચાલકો તથા અન્ય સહયોગી વૈષ્ણવોનો ખૂબ જ ઉત્સાહપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો.

❖ પરીક્ષા પરિણામ

પરીક્ષાનું પરિણામ સાત જ દિવસમાં એટલે કે તારીખ ૧૮ જૂન ૨૦૧૭ ને રવિવારના જાહેર કરવામાં આવ્યું. જે આ પ્રમાણે છે -

Total Students appeared in Exam : 975

Grade	No of Students
A++	38
A+	198
A	124
B	97
C	73
D	50
E	64
F	331

Grade Chart

Marks Range	Grade	Result
100 out of 100	A++	Pass
91 - 99	A+	Pass
81 - 90	A	Pass
71 - 80	B	Pass
61 - 70	C	Pass
51 - 60	D	Pass
40 - 50	E	Pass
< 40	F	Fail

વિદ્યાપીઠ પરીક્ષાના વિવિધ કેન્દ્રોમાં પરીક્ષાનું આયોજન

ચોકી

જુનાગઢ

રાજકોટ

મોરબી

માણાવદર

ગોંડલ

ધોરાજી

ઉપલેટા

મોટી કુકાવાવ

મેંદરડા

પૂર્ણ ૧૦૦ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓના નામ (ગામ/શહેરના વર્ણક્રમ અનુસાર)

૧. કોમલબેન વી. ભાલોડીયા - અમદાવાદ
૨. હેતલબેન પી. શાહ - અમદાવાદ
૩. ફાલ્ગુનીબેન એસ. કનેરીયા- અમદાવાદ
૪. ડિમ્પલબેન એ. અદોદરીયા- અગતરાઇ
૫. શ્રદ્ધાબેન વી. અદોદરીયા - અગતરાઇ
૬. ગુલાબદાસ જે. રાણા - દમણ
૭. રંજનબેન એસ. વઘાસીયા - ધોરાજી
૮. મયુરીબેન એમ. ગામી - દિવરાણા
૯. નિર્વિષાબેન એમ. ગામી - દિવરાણા
૧૦. રીટાબેન પી. ખોદાણી - ગોંડલ
૧૧. દયાબેન બી. શીંગાળા - જેતપુર
૧૨. સુમીતાબેન એ. ભુવા - જેતપુર
૧૩. કરિશ્માબેન બી. સાવલીયા - જેતપુર
૧૪. કિર્તીબેન જે. કરકર - જુનાગઢ
૧૫. ચંપાબેન બી. કરકર - જુનાગઢ
૧૬. રમાબેન સી. ડઢાણીયા - જુનાગઢ
૧૭. બિપીનભાઇ ભાલોડીયા - જુનાગઢ
૧૮. મેઘાબેન ડી. પોપટ - જુનાગઢ
૧૯. હંસાબેન જી. ઠકરાર - કેશોદ
૨૦. રીટાબેન એસ. વણપરીયા - કેશોદ
૨૧. મલયકુમાર ડી. કારાવડીયા - કેવદ્રા
૨૨. જ્યોત્સનાબેન શેરઠીયા - લાઠ
૨૩. જીગ્નેશભાઇ વી. લાડાણી - માણાવદર
૨૪. માધુરીબેન પી. આદેશણા - મોરબી
૨૫. મીનાબેન વી. કોટડીયા - મોટા ગુંદાળા
૨૬. ઉષાબેન એમ. કોટડીયા - મોટા ગુંદાળા
૨૭. વંદનાબેન ડી. કનેરીયા - મોટી ખાવડી
૨૮. હર્ષલભાઇ એમ. શાહ - મુંબઇ
૨૯. શિતલબેન એ. ગોધાણી - નવસારી
૩૦. હિરેનભાઇ આર. કાલરીયા- રાજકોટ
૩૧. સોનાલીબેન એસ. રાડીયા - રાજકોટ
૩૨. સાધનાબેન ભેંસદડીયા - રાજકોટ
૩૩. ભાનુબેન કે. સુતરીયા - રાજકોટ
૩૪. માનસી પ્રિતેશભાઇ પટેલ - રાજકોટ
૩૫. બંસીબેન જે. ધુડસીયા - રાજકોટ
૩૬. સરોજબેન જે. રામોલીયા - રામપરા ગીર
૩૭. હંસાબેન એચ. બાથાણી - સણોસરા
૩૮. લાલજીભાઇ ભાલોડીયા - સણોસરા
૩૯. રેખાબેન વી. રાખોલીયા - સુરત
૪૦. પ્રવિણાબેન કે. મણવર - સુરત
૪૧. જ્યોત્સનાબેન કે. નાદપરા - ઉપલેટા

વિશેષ નોંધ : નવા વર્ષ માટે પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થઇ ગયો છે. જોડાવા ઇચ્છતા વૈષ્ણવો અમારી વેબસાઇટ www.pushtisanskar.org પર જઇને ઓનલાઇન ફોર્મ ભરી શકે છે અથવા પુષ્ટિસંસ્કાર સંસ્થાન કાર્યાલયનો સમ્પર્ક કરી શકે છે.

श्रीपुष्टिसंस्कार संस्थान

श्रीवल्लभसान्निध्यधाम
मोटी हवेली-जूनागढ
(गुजरात)

पुष्टिसंस्कारधाम

A Global Center for Education and Culture

www.pushtisanskardham.org

Project Developed by Pushtisanskar Sansthan, Moti Haveli-Junagadh(Gujarat)

પ્રોજેક્ટ ફંડિંગ

શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીની કૃપા તથા ગોસ્વામી શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રીના આશીર્વાદથી ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના હૃદયમાં પુષ્ટિભક્તિમાર્ગીય સર્વોત્કૃષ્ટ વૈષ્ણવી ગરિમાને પ્રકાશિત કરવા માટે બીજરૂપે પ્રકટ થયેલી બાળસંસ્કાર સિંચનની સર્વોત્તમ પ્રવૃત્તિ પુષ્ટિસંસ્કાર પાઠશાલા ખૂબ સુંદર રીતે કાર્યરત છે. હવે એ જ અંકુરિત થયેલું બીજ વિશાળ વૃક્ષ સ્વરૂપ ધારણ કરવા જઇ રહ્યું છે, **પુષ્ટિસંસ્કારધામ**ના નિર્માણ સંકલ્પ રૂપે.

પુષ્ટિસંસ્કારધામ નિર્માણના સંકલ્પને પૂર્ણ કરવા માટે જૂનાગઢથી ૧૨ કી.મી. ના અંતરે આવેલા વડાલ ગામ પાસે ૩૦ એકર (૭૫ વિઘા) ભૂમિ લેવામાં આવી છે.

આપ આપના સામર્થ્ય પ્રમાણે આ નિમાર્ણ કાર્યમાં દ્રવ્ય સહાયક બનીને; પ્રભુએ આપેલી સમ્પત્તિનો ધર્મસંસ્કૃતિ પ્રવર્તનના આ મહાન્ અને ઐતિહાસિક કાર્યમાં વિનિયોગ કરો એવી અપેક્ષા છે. સ્વધર્મ પ્રત્યેની આપણી કર્તવ્યનિષ્ઠાના નિર્વાહનો આ સ્વર્ણિમ અવસર છે. પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં **'ન ભૂતો ન ભવિષ્યતિ'** જેવું વિલક્ષણ નિર્માણ થવા જઇ રહ્યું છે ત્યારે પાયાના પત્થર રૂપ ભૂમિદાન સહયોગ યોજના અન્તર્ગત આપનું અધિકાધિક પ્રદાન હશે જ એવો દૃઢ વિશ્વાસ છે.

આ ઐતિહાસિક કાર્યમાં સહયોગ માટે પુષ્ટિસંસ્કારધામ નિર્માણના
પ્રથમ તબક્કામાં ભૂમિદાન યોજના નીચે પ્રમાણે રાખવામાં આવી છે.....

ક્રમ	વાર (ભૂમિ)	રકમ
1	૫	૭,૫૦૦
2	૧૦	૧૫,૦૦૦
3	૨૦	૩૦,૦૦૦
4	૪૦	૬૦,૦૦૦

ક્રમ	વાર (ભૂમિ)	રકમ
5	૮૦	૧,૨૦,૦૦૦
6	૨૦૦	૨,૫૦,૦૦૦
7	૫૦૦	૫,૫૦,૦૦૦
8	૧૦૦૦	૧૧,૦૦,૦૦૦

ક્રમ	વીઘા (ભૂમિ)	રકમ
1	૧	૧૫ લાખ
2	૨	૩૦ લાખ
3	૩	૪૫ લાખ
4	૪	૬૦ લાખ
5	૫	૭૫ લાખ

આ ઐતિહાસિક નિર્માણમાં સર્વ વૈષ્ણવો ભૂમિદાન રૂપ આધારભૂત કાર્યમાં પોતાનો અમૂલ્ય સહયોગ આપે તેવી અપેક્ષા...

➲ સર્વ સહયોગીઓના નામનો ઉલ્લેખ 'પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સ્મરણિકા પુસ્તિકા'માં તથા 'પુષ્ટિસંસ્કાર માસિકપત્રિકાના વિશેષાંક'માં કરવામાં આવશે.

➲ ૪૦ વારથી ૧૦૦૦ વાર સુધીનો સહયોગ કરનારાઓના નામ પુષ્ટિસંસ્કારધામમાં **'ભૂમિદાન સહયોગ સ્થંભ'** માં અંકિત કરવામાં આવશે.

➲ ૧ વીઘા કે તેનાથી વધારે સહયોગ કરનારાઓના નામ (તેમના પરિવાર સહિત) પુષ્ટિસંસ્કારધામમાં **'વિશિષ્ટ ભૂમિદાન સહયોગ સ્થંભ'** બનાવીને તેમાં અંકિત કરવામાં આવશે.

➲ વધુ વિગત તથા માહિતિ માટે સંપર્ક : આનંદભાઇ ઠક્કર – ૯૬૩૮૦ ૨૯૪૫૬

ભૂમિદાન સહયોગની રકમ આપ પુષ્ટિસંસ્કાર સંસ્થાનના નીચેના એકાઉન્ટમાં જમા કરાવી શકશો. આપના દ્વારા આપવામાં આવેલ ભૂમિદાન સહયોગની રકમ **80G** અન્તર્ગત ઇન્કમટેક્ષમાં બાદ મળવા પાત્ર છે.

Bank Name : Union Bank Of India - Junagadh
A/C Name : Shree Pushtisanskar Sansthan
A/C No. : 313902010025108
IFSC Code : UBIN0531391

વ્રતોત્સવ ટિપ્પણી

શ્રીકૃષ્ણાબ્દ ૫૨૪૨
વિક્રમ સંવત્ ૨૦૭૩

શ્રીવલ્લભાબ્દ ૫૪૦
જુલાઇ ૨૦૧૭ - ઓગષ્ટ ૨૦૧૭

તારીખ	તિથિ	વાર	વિશેષ દિવસની નોંધ
જુલાઇ /૦૩	૧૦	સોમવાર	બેંગન દશમી
૦૪	૧૧	મંગળવાર	દેવશયની એકાદશીવ્રત, ચાતુર્માસ્ય નિયમારમ્ભ
૧૦	અષાઢ વદ/ ૦૧	સોમવાર	શ્રીગોકુલેશજી તાતજીનો ઉત્સવ
૧૧	૦૨	મંગળવાર	હિંડોળા પ્રારમ્ભ
૧૭	૦૮	સોમવાર	જન્માષ્ટમીની વધાઇ
૨૦	૧૨	ગુરૂવાર	એકાદશીવ્રત-કુંજ હિંડોળા
૨૩	૩૦	રવિવાર	હરિયાળી અમાસ
૨૫	શ્રાવણ સુદ / ૦૨	મંગળવાર	શ્રીવિઠ્ઠલેશજીનો ઉત્સવ
૨૬	૦૩	બુધવાર	ઠકુરાણી ત્રીજ મધુસ્રવા
૩૦	૦૭	રવિવાર	શ્રીબડેગોવિંદરાયજીનો ઉત્સવ
૩૧	૦૮	રવિવાર	શ્રીમાધવરાયજીનો ઉત્સવ
ઓગષ્ટ	શ્રાવણ સુદ		
૦૩	૧૧	ગુરૂવાર	એકાદશીવ્રત-પવિત્રાએકાદશી, પવિત્રારોપણ ઉત્થાપનમાં સાંજે
૦૪	૧૨	શુક્રવાર	પવિત્રા દ્વાદશી, ગુરૂદેવને પવિત્રા ધરાવવા.
૦૭	૧૫	સોમવાર	રક્ષાબંધન ઉત્થાપનમાં ખંડગ્રાસ ચન્દ્રગ્રહણ સ્પર્શ રાત્રે ૧૦:૫૨ મોક્ષ ૧૨:૫૦
૦૯	શ્રાવણ વદ / ૦૨	બુધવાર	હિંડોળા વિજય
૧૧	૦૪	શુક્રવાર	શ્રીગોવિન્દરાયજીનો ઉત્સવ
૧૩	૦૬	રવિવાર	શ્રીશ્યામમનોહર પ્રભુ ચાંપાસેનીનો પાટોત્સવ
૧૪	૦૭	સોમવાર	શયનમાં ષષ્ઠી ઉત્સવ
૧૫	૦૮	મંગળવાર	જન્માષ્ટમી વ્રત
૧૬	૦૯	બુધવાર	નંદમહોત્સવ
૧૮	૧૧	શુક્રવાર	એકાદશીવ્રત
૨૧	૩૦	સોમવાર	કુશગ્રહણી અમાસ
૨૨	શ્રાવણ વદ /૦૧	મંગળવાર	રાધાષ્ટમીની વધાઇ
૨૬	૦૫	શનિવાર	શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ
૨૯	૦૮	મંગળવાર	રાધાષ્ટમી

Registered Newspaper
PUSHTI SANSKAR (Monthly) - July - 2017
JUNAGADH - 362001

R.N.I. No. Guj Guj/34004/2010
Postal Reg No.G-JND 304/16-18 (Valid up to 31-12-2018)
Total Page:36

હિંડોરાનું પદ

રાગ – મલ્હાર

તો ઝુલો તુમ સંગ હરેં હરેં જો ઝુલાઓ ।।
તુમતો દેત અટપટી બીચ બીચ
ઝૂલત મોહિ ડરાઓ ।।૧।।
રાગ મલ્હાર ભાંત ભાંતનસો
સ્વર બાંધિકે ગાય સુનાઉ ।।
રસિક પ્રીતમસોં કહત પ્યારી
તો તજી ચિત અનત ન લાઉ ।।૨।।

IF NOT DELIVERED PLEASE RETURN TO
SHREE PUSHTI FOUNDATION
MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA
Owner : SHREE PUSHTI FOUNDATION
Printer, Publisher: Jayendrakumar Bhimjibhai Tanna
Editor : Kamalkumar Gordhandas Sejpal,
Printed at METRO OFFSET Near Sub. Marketing Yard, Dolatpara, Junagadh - 362037
Published at Pushti Foundation, Moti Havali, Near Panch Hatdi Chowk, Junagadh - Gujarat